**આજનો સુવિચાર**

સંતોષથી હંમેશા સર્વોત્તમ સુખની પ્રાપ્તિ થાય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૯૩ જૂનાગઢ તા.૦૧-૮-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 193, Junagadh : Date : 01 August, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


## મહારાષ્ટ્રનાં થાણેમાં ગર્ડર લોન્ચીંગ મશીન પડી જતાં ૧૭ મજુરોનાં મોત

મુંબઈ, તા.૧: મહારાષ્ટ્રના થાણેમાં એક મોટો અકસ્માત થયો છે. પુલના નિર્માણ દરમિયાન ગર્ડર લોન્ચીંગ મશીન પડી જતાં ૧૭ના મોત, થયા છે મળતી માહિતી મુજબ હજુ પણ કેટલાક લોકો કાટમાળ નીચે દટાયા હોવાની આશંકા છે. સ્થળ પર સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. એસપી અને બચાવ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. એસપીના જણાવ્યા અનુસાર, સમળદ્ધિ હાઈવે પર લોન્ચર પડવાને કારણે કામદારો અને અન્ય લોકો ઘાયલ થયા છે. ત્રાણ ઘાયલોને શાહપુર તાલુકાની હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

એવું કહેવામાં આવ્યું હતું કે સોમવારે મોડી રાત્રે બ્રિજનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું હતું, ત્યારે એક મોટી દુર્ઘટના બની હતી. કહેવાય છે કે સુરક્ષાના કોઈ પગલાં ન હોવાને કારણે અહીંના મજૂરોએ જીવ ગુમાવ્યો છે. ગર્ડર મશીનને જોડતી ક્રેન અને સ્લેબ ૧૦૦ ફૂટ નીચે પડી ગયા હતા. અત્યાર સુધીમાં ૧૬ મૃતદેહો શાહપુર ઉપજીલા હોસ્પિટલમાં લાવવામાં આવ્યા છે. ત્રણ ઘાયલ છે. મૃત્યુઆંક વધવાની આશંકા છે. એક અધિકારીએ જણાવ્યું કે આ અકસ્માત મંગળવારે વહેલી સવારે શાહપુર તહસીલના સરલામ્બે ગામ પાસે થયો હતો. સ્થાનિક એજન્સીઓ સાથે પોલીસ અને ફાયર કર્મીઓ બચાવ કાર્યમાં લાગેલા છે. આ મશીન સ્પેશિયલ પર્પઝની મોબાઈલ ગેન્ટ્રી ક્રેન છે, જેનો ઉપયોગ પુલના બાંધકામમાં થાય છે. તેનો ઉપયોગ હાઈવે અને હાઈ-સ્પીડ રેલ બ્રિજ બાંધકામ પ્રોજેક્ટ્સમાં પ્રિકાસ્ટ બોક્સ ગર્ડર્સ ઈન્સ્ટોલ કરવા માટે થાય છે. સમળદ્ધિ મહામાર્ગનું નિર્માણ કાર્ય મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ દ્વારા કરવામાં આવી રહ્યું છે

## કોમર્શીયલ ગેસ સિલિન્ડરનાં ભાવમાં રૂા. ૧૦૦નો ઘટાડો

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧

ઓગસ્ટ મહિનાની શરૂઆત સારા સમાચાર સાથે થઈ છે. મંગળવારે તેલ કંપનીઓએ મહિનાના પહેલા દિવસે ગેસ સિલિન્ડરની કિંમત જાહેર કરીહતી. ૧ ઓગસ્ટથી એલપીજી સિલિન્ડરની કિંમતમાં ફેરફારની જાહેરાત કરવામાં આવી હતી. આ વખતે કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૧૦૦ રૂપિયાનો મોટો ઘટાડો કરવામાં આવ્યો છે. જયારે જુલાઈમાં ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરમાં ૭ રૂપિયાનો નજીવો વધારો થયો હતો, ત્યારે આ મહિને ૧૦૦ રૂપિયાના ઘટાડા દ્વારા મોટી રાહત આપવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે આ કપાત માત્ર કોમર્શિયલ એટલે કે ૧૯ કિલોના સિલિન્ડરમાં કરવામાં આવી છે. ઘરોમાં ઉપયોગમાં લેવાતા સિલિન્ડરનાં ભાવોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તેલ કંપનીઓ દ્વારા ગેસ સિલિન્ડરના ભાવ મહિનાના પહેલા દિવસે અપડેટ કરવામાંઆવે છે. આ એપિસોડમાં, આ વખતે ઘરેલુ ગેસ સિલિન્ડરમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી, પરંતુ કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં ૧૦૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે.

## હરીયાણામાં હિંસાનો પગલે શાળા-કોલેજો, ઈન્ટરનેટ બંધ : કલમ ૧૪૪ લાગુ : મૃત્યુઆંક ૪

નૂહ તા. ૧

હરિયાણાના નૂહમાં બે સમુદાયો વચ્ચે હિંસક અથડામણને લઈને વહીવટીતંત્ર એલર્ટ પર છે. તણાવને ધ્યાનમાં રાખીને જિલ્લા ડેપ્યુટી કમિશનર પ્રશાંત પવારે કલમ ૧૪૪ લાગુ કરી દીધી હતી. બીજી તરફ આ હિંસાને પગલે ફરીદાબાદમાં શાળા-કોલેજો બંધ રાખવાનો નિર્ણય લીધો છે. તે સાથે જ જિલ્લામાં ઈન્ટરનેટ સેવા પણ બંધ કરી દેવામાં આવી છે. જયારે હિંસામાં ૪ લોકોનાં મોત થયા છે.

હરિયાણાના નૂહમાં બ્રજમંડલ યાત્રા દરમિયાન ફાટી નીકળેલી હિંસા બાદ હવે અર્ધલશ્કરી દળની બટાલિયન તૈનાત કરવામાં આવી છે. નૂહની હાલતને ધ્યાનમાં રાખીને કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. આ સાથે ગુરુગ્રામ, ફરીદાબાદ અને પલવલ જિલ્લામાં શાળાઓ, કોલેજો, કોચિંગસેન્ટરોમાં બંધ રાખવાનો આદેશ જાહેર કરવામાં આવ્યો છે. શૈક્ષણિક સંસ્થાઓને આ આદેશોનું ગંભીરતાથી પાલન કરવા માટે કહેવામાં આવ્યું છે.

હરીયાણાનાં ગૃહમંત્રી અનિલ વિજે કહ્યું કે, સાંપ્રદાયિક રીતે તંગ નૂહ વિસ્તારમાં શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે પૂરતી સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે કહ્યું કે હરિયાણા પોલીસની ભારે તૈનાતી ઉપરાંત અર્ધલશ્કરી દળોની કંપનીઓ પણ તૈનાત કરવામાંઆવી રહી છે જેથી કરીને કોઈ અનિચ્છનીય બનાવ ન બને. વિજે મીડિયાને કહ્યું, "ત્યાં પર્યાપ્ત દળો તૈનાત કરવામાં આવી રહ્યા છે. અમે કેન્દ્ર સાથે પણ વાત કરી છે. અમે શાંતિ પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. મેવાત ક્ષેત્રના વિવિધ વિસ્તારોમાં ફસાયેલા તમામ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવી રહ્યા છે. અર્ધલશ્કરી દળોની ત્રાણ કંપનીઓને તણાવગ્રસ્ત વિસ્તારોમાં મોકલવામાં આવી છે.

નૂહ જિલ્લામાં ધાર્મિક સરઘસ દરમિયાન એક જૂથે પથ્થરમારો કર્યો અને કારને આગ ચાંપી દીધી હતી જેબાદ હિંસા થઈ હતી. આ હિંસાને ધ્યાને રાખીને સરકારે નૂહમાં મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ આવતીકાલ સુધી બંધ કરી દીધી છે. મોબાઈલ ફોન પર વોટ્સએપ, ફેસબુક ટ્વીટર જેવા વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા ખોટી માહિતી અને અફવાઓને ફેલાતો અટકાવવા માટે આ આદેશ જાહેર કરવામાં આવ્યો છે.

### મણિપુરમાં મહિલાઓની નિર્વસ્ત્ર પરેડની ઘટનામાં

## સુપ્રિમ કોર્ટ નિવૃત મહિલા ન્યાયધિશોની સમિતિ અને એસઆઈટી દ્વારા તપાસ કરાવશે

નવી દિલ્હી તા. ૧

સુપ્રીમે મહિલાઓની નગ્ન પરેડ બાદ જાતીય હિંસાના આરોપોની તપાસ કરવા માટે નિવૃત્ત મહિલા ન્યાયાધીશોની એક સમિતિની રચના કરવાનું વિચાર્યું છેઅને SIT દ્વારા તપાસ કરાવાશે. અદાલતે રાજ્ય સત્તાવાળાઓ દ્વારા અત્યાર સુધી કરવામાં આવેલી કાર્યવાહીની વિગતો માંગી હતી, જેમાં ૬૦૦૦ FIR નોંધાઈ હોવાનો દાવોકરવામાં આવ્યો હતો.

ભારતના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડ અને ન્યાયમૂર્તિ જેબી પારડીવાલા અને મનોજ મિશ્રાની બેન્ચે આ જ વાત કહી હતી જ્યારે મણિપુરની બે કુકી-ઝોમી મહિલાઓને પુરુષો દ્વારા નગ્ન પરેડ કરતી વીડિયોમાં જોવામાં આવી હતી.

### સમાચાર રાઉન્ડ અપ

- ચંદ્રયાન-૩ પૃથ્વીની ભ્રમણ કક્ષાની બહાર નીકળી ચંદ્ર તરફ આગળ વધ્યું
- ક્રિકેટ વર્લ્ડકપમાં ૧૪ ઓકટોબરે અમદાવાદમાં ભારત-પાક. મુકાબલો
- રામમંદિરનાં ભરોસે રહેતા નહી, લોકોનાં કામ કરો, તેમની વચ્ચે રહો : વડાપ્રધાન મોદીએ સાંસદો સાથે બેઠક યોજી

## આર્થિક ભીંસનાં કારણે વડોદરામાં પતિએ પત્ની, પુત્રને મોતને ઘાટ ઉતારી ગળા પર બ્લેડનાં ઘા માર્યા

વડોદરા તા. ૧

વડોદરાના કલાભુવન પાસે પિરામીતાર રોડ ઉપર આવેલી કાછિયા પોળમાં રહેતા પંચાલ પરિવારના પતિ, પત્ની અને પુત્રએ આપઘાતના કરેલા પ્રયાસમાં માતા અને પુત્રનું મોત નીપજ્યું છે. જ્યારે પતિએ ઝેરી દવા પી પોતાના ગળા પર બ્લેડના ઘા મારી આપઘાતનો પ્રયાસ કર્યો છે. હાલ તેને સયાજી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. પતિએ જ પત્ની અને પુત્રને મોતને ઘાટ ઉતારી જાતે આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. પતિએ આર્થિક ભીંસથી કંટાળી આવું પગલું ભર્યાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. સારવારમાં ખસેડતી સમયે ઈજાગ્રસ્ત પતિએ જણાવ્યું હતું કે, ખાવા-રહેવામાટે પૈસા તો જોઈને, મેં મારી જાતે બ્લેડના ઘા માર્યા છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે પિરામીતાર રોડ ઉપર આવેલ કાછિયા પોળના રહેવાસી મુકેશભાઈ ભોગીલાલ પંચાલ (ઉં.વ. ૪૭), તેની પત્ની નયનાબેન અને ૨૪ વર્ષીય પુત્ર મિતુલેઆપઘાતનો પ્રયાસ કર્યોહતો. જેમાં માતા અને પુત્રના ઘરમાંથી મૃતદેહ મળી આવ્યા હતા. જ્યારે ગળામાં બ્લેડ મારી આપઘાતનો પ્રયાસ કરનાર મુકેશભાઈ પંચાલને સયાજી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.


**સ્ટાફ જોઈએ છે** અનુભવી / બિન અનુભવી
SWARAJ
સેલ્સમેન ● હેડ મેકેનીક ● હેલ્પર
જુનાગઢ, વિસાવદર, ભેસાણ, મેંદરડા
અનુભવીને પ્રથમ અગ્રતા આપવામાં આવશે.
મો. ૭૮૭૪૪ ૪૭૨૭૪

શ્રી યમુના ટ્રેકટર્સ
લક્ષ્મી પેટ્રોલ પંપની સામે, સરગવાડા બસ સ્ટેશનની બાજુમાં, રાજકોટ રોડ, જુનાગઢ.

**લેવા-વેચવા**
લોકેશન વાડી ભાવમાં મિલ્કતો, ફ્લેટ, ડુપ્લેક્ષ, જમીન, દુકાન, બંગલા વગેરે તાત્કાલીક લેવા-વેચવા માટે સંપર્ક કરો
મયંક એસ્ટેટ બ્રોકર
રસિકભાઈ પટેલ
મો. ૯૫૮૯૩ ૪૧૦૨૧
૯૪૨૭૩ ૭૭૯૧૭

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

'ફ્લાય ફાસ્ટ' પાર્સલ સર્વિસ-હવે આપના દ્વારે 'સૌરાષ્ટ્ર ભૂમિ' દૈનિકની સાથોસાથ
એક નવું સોપાન કુરિયર ક્ષેત્રમાં એક નવી ઉડાન
જૂનાગઢ, કેશોદ, વેરાવળ, કોડીનાર, ઉના, દીવ
એ જ દિવસે ડિલિવરી...
ફ્લાય ફાસ્ટ પાર્સલ સેવા... આપનો વિશ્વાસ પ્રયાસ અમારો...
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
SAME DAY DELIVERY
FlyFast
POWERED BY SAURASHTRA BHOOMI
પાર્સલ સર્વિસ

ડેઈલી સર્વિસ જૂનાગઢથી સવારે ૧૧:૩૦
CALL : 99097 06464
ફલાય ફાસ્ટ, સૌરાષ્ટ્રભૂમિ મીડિયા હાઉસ, જેલ રોડ, જૂનાગઢ


CMYK

# જૂનાગઢ જીલ્લામાં આજ તા. ૧ થી ૭ ઓગસ્ટ સુધી નારી વંદન ઉત્સવની ઉજવણી

## મહિલા અને બાળ વિભાગ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાશે

જૂનાગઢ, તા.૧

રાજ્યની મહિલાઓ સામાજિક, આર્થિક, માનસિક અને શારીરિક રીતે સંપન્ન તથા સમાજમાં ગૌરવભેર આગળ વધે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ આયોજન હાથ ધરવામાં આવે છે, સર્વાંગી વિકાસના મહત્વના પરિબળો જેવા કે સુરક્ષા, સ્વાવલંબન, કલ્યાણ અને સ્વાસ્થ્ય વગેરે ક્ષેત્રોમાં મહિલાઓ સક્ષમ થાય તે હેતુસર જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આજ તા. ૧ ઓગસ્ટ થી ૭ ઓગસ્ટ-૨૦૨૩ દરમ્યાન નારી વંદન સપ્તાહ ની ઉજવણી કરવામાં આવી રહી છે.

જે અન્વયે જૂનાગઢ જિલ્લામાં પણ આજ તા. ૧ ઓગસ્ટ થી ૭ ઓગસ્ટ-૨૦૨૩ દરમિયાન મહિલા સુરક્ષા દિવસ, બેટી બચાવો બેટી પઢાવો દિવસ, મહિલા સ્વાવલંબન દિવસ, મહિલા નેતૃત્વ દિવસ, મહિલા કર્મયોગી દિવસ, મહિલા કલ્યાણ દિવસ અને મહિલા અને બાળ આરોગ્ય દિવસની ઉજવણી સંબધિત કચેરીઓ દ્વારા થનાર છે.

જે દિવસોમાં મહિલા સુરક્ષા સંબંધી વિવિધ કાયદાઓ અને મહિલાલક્ષી યોજનાઓની માહિતી અને પ્રચાર પ્રસાર કરવામાં આવશે ઉપરાંત કિશોરીઓ તથા સગર્ભા મહિલાના હિમોગ્લોબીન તપાસ તેમજ આરોગ્યલક્ષી જાણકારી આપવામાં આવશે તથા મહિલાઓને આત્મ નિર્ભર બનાવવા માટેની સરકારના વિવિધ વિભાગોની યોજનાઓ વિશે માહિતીગાર કરવામાં આવશે એવું મહિલા અને બાળ અધિકારીની યાદીમાં જણાવ્યું છે.

# મહિલા પ્રધાન ક્ષેત્રિય બચત યોજનાના ખાતાધારકો-રોકાણકારોએ અધિકૃત મહિલા એજન્ટને નાણાં સોંપવા

## ઓથોરિટી લેટર ધરાવતા એજન્ટની અધિકૃતતાની પુરતી ખરાઈ કર્યા બાદ જ વ્યવહાર કરવા અપીલ

જૂનાગઢ, તા.૧

પોસ્ટ ઓફિસની નાની બચત યોજના હેઠળની મહિલા પ્રધાન ક્ષેત્રિય બચત યોજના જેને **MPKBY** તરીકે પણ ઓળખવામાં આવે છે. ત્યારે આ યોજનાના ખાતાધારકો-રોકાણકારો માટે અગત્યની સૂચના બહાર પાડવામાં આવી છે. જે મુજબ પાંચ વર્ષીય રિકરીંગ યોજના હેઠળ પોસ્ટ ઓફિસમાં ખાતા ખોલવા માટે ફકત મહિલાઓને જ એજન્ટ તરીકે અધિકૃત કરવામાં આવે છે. જેથી ઓથોરિટી લેટર ધરાવતા એજન્ટની પુરતી ખરાઈ કર્યા બાદ આ યોજના હેઠળ ખાતુ ખોલાવવા બદલ સંબંધિત ખાતાધારકે મહિલા એજન્ટ પાસેથી એજન્ટની સહી વાળું નિયત એસલાસ-૫ કાર્ડ અસલમાં મેળવવું તેમજ નાણા સોપ્યા બદલની સહી, નાણા આપવામાં આવે ત્યારે તુર્ત જ કરાવી લેવી. બાદ નાણા જમા થયા છે કે કેમ? તે બાબતે દર માસે પાસબુકમાં એન્ટ્રી કરાવી ખાતરી કરી લેવી.

આ યોજના માટે પાંચ વર્ષીય રિકરીંગ યોજના હેઠળ પોસ્ટ ઓફિસમાં ખાતા ખોલવા માટે ફકત મહિલાઓને જ એજન્ટ તરીકે અધિકૃત કરવામાં આવે છે તેમજ વખતોવખત રૂૈદ્રમ્રૂ હેઠળ આપવામાં આવેલ એજન્સી યોગ્યતાના આધારે રીન્યુ કરી આપવામાં આવે છે, આ તમામ મહિલા એજન્ટોને તેઓના ફોટા સાથેના અધિકૃત સરકારશ્રીના સહી સિક્કાવાળો ઓથોરિટી લેટર આપવામાં આવે છે. આ ઓથોરિટી લેટર ધરાવતા એજન્ટ પોતે જ જાતે કામગીરી કરવાની રહે છે, અન્ય વ્યક્તિને એજન્સી વાપરવા આપવાના કિસ્સામાં નિયમોનુસાર એજન્સી રદ કરવાની થાય છે.

પોસ્ટ ઓફિસની નાની બચત યોજનામાં રિકરીંગ ખાતું ખોલાવવા ઈચ્છિત વ્યક્તિએ સંબંધિત મહિલા એજન્સની એજન્સી હાલ કાર્યરત છે કે કેમ ? અથવા રીન્યુ થયેલ છે કે નહીં? તે અંગે પૂરતી ચકાસણી તપાસ કરી બાદ યોજનામાં નાણા આપવા. અનઅધિકૃત વ્યક્તિને એટલે કે અધિકૃત એજન્ટ સિવાયની વ્યક્તિને નાણા સોંપેલ હશે કે પાસબુકમાં કોઈ ગેરરીતી થયેલ હશે તો તે સંબંધેની જવાબદારી સરકારશ્રીની રહેશે નહીં જેની **MPKBY** હેઠળના તમામ ખાતાધારકોએ ખાસ નોંધ લેવી.

પોસ્ટ ઓફિસ રિકરીંગ યોજના સિવાયની પોસ્ટ ઓફિસની અન્ય જુદી જુદી યોજનાઓમાં રોકાણ કરનાર વ્યક્તિએ ચેક કે નાણાં સોંપતી વખતે અધિકૃત એજન્ટ છે કે કેમ ? તેની ખાતરી કરી નિયત નમુના નમૂનાની પહોંચ મેળવ્યા બાદ જ નાણાં સોંપવા જે અંગેની દરેક રોકાણકારો- ખાતાધારકોએ નોંધ લેવા એક યાદીમાં જણાવ્યું છે.

# જૂનાગઢમાં ભાજપ મહિલા મોરચા દ્વારા મીલેટ્સ કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૧

ભારત વર્ષના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની હિમાયતથી ૨૦૨૩ની સાલને મીલેટ્સ વર્ષ તરીકે જાહેર કરવામાં આવી છે ત્યારે તેને ઉજવણીના ભાગરૂપે જૂનાગઢ મહાનગરનાં પ્રમુખ પુનિતભાઈ શર્માનાં માર્ગદર્શન હેઠળ જૂનાગઢ મહિલા મોરચા દ્વારા જાડા ધાન્યની ખેતી કરનાર ખેડૂતોનું બહુમાન કરવામાં આવ્યું હતું. ઉપરોકત કાર્યક્રમ નાગજીભાઈ ધોરાજીયાની વાડી ખાતે આ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો તેમાં કિસાન મોરચાના પ્રદેશ કારોબારી સભ્ય સંજયભાઈ ધોરાજીયા, મહિલા મોરચાના પ્રભારી મંજુલાબેન સુયાણી, મહિલા મોરચાના પ્રમુખ જ્યોતિબેન વાડોલીયા મહામંત્રી ભાવનાબેન વ્યાસ, કોર્પોરેટર દિવાળીબેન પરમાર, કિસાન મોરચાના ઉપપ્રમુખ કિશોરભાઈ વોર્ડ નંબર પાંચ કિસાન મોરચાના પ્રમુખ રાજુભાઈ પનારા, મહિલા મોરચાના કાર્યકર બહેનો, પદાધિકારીઓ વગેરે ઉપરોક્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા તેમ મિડિયા વિભાગનાં સંજય પંડ્યાની યાદી જણાવે છે.

## પેન્શન રીવાઈઝ બાકી હોય તેવા નિવૃત કર્મચારીઓ જોગ સુચના

જૂનાગઢ, તા.૧

જૂનાગઢ નિવૃત વિવિધ કર્મચારી મંડળના પ્રમુખ મનુભાઈ ધાધલની યાદી જણાવે છે કે, જૂન માસમાં જન્મ હોય અને ૩૦/૬ (જુન-૩૦)એ નિવૃત થયેલ હોય તેવા નિવૃત કર્મચારી એક ઈજાફા માટે મંડળની ઓફીસ તા.૧૩/૮/ ૨૦૨૩ પહેલા ફોર્મ ભરીજ વા તેમજ તા.૩૧/૭/૧૯૯૪ પહેલા નિવૃત થયેલ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકને ૯/૧૮/ ૧૯નો ગ્રેડ મળેલ હોય તેમને તા.૯/૩/૨૦ મુજબ પેન્શન રીવાઈઝ જેને બાકી હોય તેવા નિવૃત કર્મચારીઓએ મંડળની ઓફીસ, મોતીપેલે પ્લસ, ટીંબાવાડી રોડ ઉપર રૂબરૂ મુલાકાત લેવા એક યાદીમાં જણાવવામાં આવેલ છે.

# જૂનાગઢમાં 'સ્વામી વિવેકાનંદ વન' વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૧

જૂનાગઢ મહાનગરના વોર્ડ ૧૨ માં સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ અંતર્ગત "સ્વામી વિવેકાનંદ વન" વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં મહાનગર ભાજપા સંગઠન પ્રમુખ પુનિતભાઈ શર્મા, ઉપપ્રમુખ ભરતભાઈ બાલસ તથા કોર્પોરેટર, વોર્ડ આગેવાનો, યુવા બોર્ડ ઝોન સંયોજક વનરાજભાઈ સુત્રેજા, મહાનગર સંયોજક કેવિનભાઈ અકબરી, વોર્ડ સંયોજક પ્રિન્સભાઈ હુણ ત્થા દરેક વોર્ડ સંયોજક આગેવાનો હાજર રહ્યા હતા. સાથે આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના મન કી બાતના ૧૦૩ એપિસોડ કાર્યક્રમ વોર્ડ નં - ૫ ખાતે વોર્ડના કોર્પોરેટર શિલ્પાબેન જોશીના નિવાસ સ્થાને બુથ નં-૫માં યોજાયેલ હતો જેમાં વોર્ડ પ્રમુખ લલિત ત્રાબડીયા સાથે વોર્ડ મહામંત્રી ચંદુભાઈ ચનીયારા, વિજયભાઈ રાણપરીયા, મિડીયા સેલ કન્વીનર સુરેશભાઈ પાનસુરીયા, યુવામોર્ચા મહામંત્રી વિનસ હદવાણી, રાજુભાઈ પનારા, ઉપસ્થિત રહ્યા હતા.

# સરકારી વિનયન કોલેજ ભેંસાણમાં એ.બી.સી આઈડી રજીસ્ટ્રેશન કેમ્પ યોજાયો

ભેંસાણ તા.૧

તારીખ ૨૭-૭-૨૦૨૩ના રોજ સરકારી વિનયન કોલેજ ભેંસાણમાં એફ.વાય, એસ.વાય, ટી.વાયના વિદ્યાર્થીઓનું નવિ શિક્ષણ નીતિ ૨૦૨૦ પ્રમાણે એકેડમીક બેંક ઓફ ક્રેડીટ તૈયાર કરવા( એ.બી.સી આઈ.ડી)નું રજીસ્ટ્રેશન કેમ્પ યોજાયો હતો. જેમાં કોલેજના સમાજશાસ્ત્ર વિષયના પ્રો.ડો. સચિન પીઠડીયાએ વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ રીતે એ.બી.સી આઈ.ડી વિશે માહિતી આપી રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તમામ પ્રોફેસરોએ વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ રીતે માહિતી આપી ૧૦૦ ટકા એ.બી.સી આઈ.ડીનું રજીસ્ટ્રેશન કરાવી ગ્રામીણ વિસ્તારમાં સરકારની ડિઝીટલ ઈન્ડિયાની પહેલને આગળ વધારી શિક્ષણના નવી પેટંટ સાથે વિદ્યાર્થીઓને જોડયા હતા. એ.બી.સી.આઈ.ડી. દેશની સમગ્ર ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરવાની સ્વતંત્રતા સાથે વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગતિશીલતાની સુવિધા માટે પરિકલ્પના કરવામાં આવી છે. એબીસી રજિસ્ટર્ડ સંસ્થાઓ દ્વારા આપવામાં આવેલી ક્રેડિટ વિદ્યાર્થીઓના ખાતામાં જમા કરશે. અભ્યાસક્રમ ડિઝાઈન અને વિકાસ માટે વધુ લવચીક અભિગમ બનાવવામાં મદદ કરે છે.



# જૂનાગઢમાં પુરૂષોતમ માસની ઉજવણી

જૂનાગઢ, તા.૧

જૂનાગઢ ખાતે હાલ ચાલી રહેલા પુરૂષોત્તમ માસની ઉજવણી શ્રદ્ધા ભાવ સાથે ઉજવવામાં આવી રહી છે જેમાં સુદામા પાર્ક ચયતન્ય હનુમાન મંદિરમાં કૃષ્ણ સત્સંગ મંડળદ્વારા કૃષ્ણ જીવનની લીલા દર્શાવાવાં આવે છે. તેમજ જગન્નાથજી મંદિરમાં પણ આ પર્વની ઉજવણી હાલ ચાલુ છે. ભાવિકો દર્શનનો લાભ લઈ રહ્યા છે.



# સાસરીયામાં દિયર તથા સાસુ સસરા સાથે ના ઝઘડાથી કંટાળી જઈ પીડિત મહિલાએ આત્મહત્યાનો વિચાર કરતા ૧૮૧ મહિલા હેલપલાઈનની મદદ લીધી

જૂનાગઢ, તા. ૧

જૂનાગઢ શહેરમાંથી એક પીડિત મહિલા દ્વારા ૧૮૧ હેલ્પલાઈનમાં ફોન આવેલ હતો કે પીડિત મહિલાને તેમના દિયર તથા સસરા સાથે ઝઘડો થતાં અપશબ્દો બોલતા હોય જેથી ૧૮૧ પર ફોન કરી સમજાવવા માટે મદદ માંગી હતી.

આ ઉપરાંત અવાર નવાર થતાં ઝઘડાથી કંટાળી જઈ આત્મહત્યા કરવાના વિચાર આવવાનું જણાવતા હોય જેથી તેમની મદદ માટે ૧૮૧ મહિલા હેલ્પલાઈન જૂનાગઢની ટીમના કાઉન્સેલર અરૂણાબેન કોલડીયા તથા મહિલા પોલીસ કોન્સ્ટેબલ મધુબેન ઓડેદરા સહિતની ટીમ સ્થળ પર પહોંચી પીડિત મહિલાને મળી મેન્ટલી સપોર્ટ આપ્યો હતો. તેમના સસરા તથા દિયર ને સાંભળી કાઉન્સેલિંગ કરતા જણાયેલ કે બધા સંયુક્ત કુટુંબ માં રહેતા હોય અને તેમના દિયરને નશો કરવાની ટેવ હોવાથી અવાર નવાર ગેરવર્તન કરતા, સાસુ પણ ઘર કામ બાબતે મેણાં ટોણા બોલતા અને તેમના પતિ સમજાવવા જાય તો તેમની સાથે પણ ઝઘડો કરતા હોય જેથી ઝઘડાથી કંટાળી જઈ આત્મહત્યા કરવાના વિચાર આવતા હતા. આમ, મહિલાને કાયદાકીય માર્ગદર્શન આપેલ તથા લાંબાગાળાના કાઉન્સેલિંગ માટે મહિલા સહાયતા કેન્દ્ર અને સખી વન સ્ટોપ સેન્ટર વિશે સલાહ આપવામાં આવી હતી. જેથી પીડિત મહિલા ને હાલ સખી વન સ્ટોપ સેન્ટર માં અરજી કરવી હોવાથી ઘરેલું હિંસાથી પીડિત મહિલાના લાંબાગાળાના કાઉન્સેલિંગ માટે સખી વન સ્ટોપ સેન્ટર માં અરજી અપાવેલ અને આગળની કાર્યવાહી તેઓને સોપવામાં આવ્યા હતા.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં અંગદાન મહોત્સવનો અમદાવાદથી પ્રારંભ

## ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન (IMA) ગુજરાત એકમ, SOTTO અને ગુજરાત મીડિયા ક્લબના સંયુક્ત ઉપક્રમે યોજાયો અંગદાન મહોત્સવ : આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને ભારતીય ક્રિકેટર જસપ્રિત બુમરાહની પ્રેરક ઉપસ્થિતિ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અંગદાન મહોત્સવનો અમદાવાદથી પ્રારંભ કરાવતા જણાવ્યું કે, કીડીને કણ, હાથીને મણની આપણી સંસ્કૃતિ રહી છે. એ જ રીતે અંગદાન થકી જરૂરિયાતમંદોને નવજીવન આપવાનો ભાવ પણ આપણામાં રહેલો છે. જે આપણી સંસ્કૃતિને ઉજાગર કરે છે. ઈન્ડિયન મેડિકલ એસોસિયેશનના ગુજરાત એકમ, **SOTTO(State Organ Tissue and Transplant Organisation)** અને ગુજરાત મીડિયા કલબના સંયુક્ત ઉપક્રમે અમદાવાદથી અંગદાન મહોત્સવની શરૂઆત થઈ છે. જેમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને ભારતીય ક્રિકેટર જસપ્રિત બુમરાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. અંગદાનથી સેવાભાવ પ્રવૃત્તિને બળવતર બનાવનારા પરિવારોને બિરદાવતા મુખ્યમંત્રીએ કહ્યું કે, પ્રાચીન સમયમાં દધીચી ઋષિએ કરેલું દેહદાન આપણે સૌ જાણીએ છીએ. આપણી સંસ્કૃતિના આ ઉચ્ચતમ આદર્શોને આ અંગદાન પ્રવૃત્તિ આગળ ધપાવે છે એમ તેમણે કહ્યું હતું. અંગદાન ક્ષેત્રે ગુજરાતની વાત કરતા મુખ્યમંત્રીએ કહ્યું કે, ગત વર્ષે ૬૭૦ જીવિત વ્યક્તિઓ અને ૨૦૩ બ્રેઈનડેડ વ્યક્તિઓના અંગોનું દાન કરાયું છે.જેનાથી ઘણા જરૂરીયાતમંદોને નવજીવન મળ્યું છે. અંગદાન મેળવનાર પરિવારનો આનંદ અંગદાતા સ્વજનના મૃત્યુના દુઃખને દૂર કરે છે. માનવજીવનને લગતા કોઈપણ કાર્યોમાં સાથે ઉભું રહેવું એ સરકારની અને આપણા સૌની ફરજ બને છે.૨ અંગદાનની આ પ્રવૃત્તિમાં મીડિયા દ્વારા પણ જાગૃતતા લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે તેમ કહી આ સહિયારા પ્રયાસોને મુખ્યમંત્રીએ બિરદાવ્યા હતા. રાજ્યમાં ૨૭૨ ડાયાલિસિસ કેન્દ્રો કાર્યાન્વિત કરીને સરકારે કિડનીની તકલીફ ધરાવતા રાજ્યના દર્દીઓને વન સ્ટેટ વન ડાયાલિસિસ પ્રોગ્રામ અન્વયે બેસ્ટ ટ્રીટમેન્ટ મળી રહે તે માટેના સઘન પ્રયાસો હાથ ધર્યા છે. કેટલીક ગેરમાન્યતાઓના લીધે અંગદાન થતા અટકતા હોય ત્યારે આવા કારણો જાણી યોગ્ય સમાધાન થાય તો આ અંગદાનની પ્રવૃત્તિ વધુ વ્યાપક બનશે તેવો મત મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીએ અંગદાનથી મોટું કોઈ દાન ન હોય શકે તે ભાવથી આપણા સ્વજનના મૃત્યુ બાદ અંગદાન કરવા માટે સૌને સંકલ્પબદ્ધ બનવા અપીલ કરી હતી.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે અન્નદાન, રકતદાન, ચક્ષુદાન કરતી આપણી ભારતીય સંસ્કૃતિમાં પ્રવર્તમાન સમયમા અંગદાન એ મહાદાન હોવાનું ભારપૂર્વક જણાવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા અંગદાન ક્ષેત્રે સરાહનીય કામગીરી કરવામાં આવી રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું. આ વર્ષના બજેટમાં પણ અંગદાન અને પ્રત્યારોપણના સેવાકાર્યને વેગ મળે તે માટે નાણાંકીય જોગવાઈ કરવામાં આવી હોવાનું મંત્રીએ ઉમેર્યું હતું. મેડિકલ ટુરિઝમને વેગ મળે તે માટે અમદાવાદ સિવિલ મેડિસિટીની તર્જપર સુરત વડોદરા જામનગર અને ભાવનગર જિલ્લામાં સુપર સ્પેશિયલીસ્ટ હોસ્પિટલ અને મેડિસિટીનુ નિર્માણકાર્ય કરવામાં આવી રહ્યું હોવાનું તેમણે કહ્યું હતું. રાજ્યમાં ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટનુ વેઈટીંગ ઘટાડવા ઓર્ગન રીટ્રાઈવલ અને ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર જિલ્લા સ્તરે અને સરકારી ઉપરાંત ખાનગી હોસ્પિટલમાં વધારવામાં આવી રહ્યા છે. સમાજમાં અંગદાનની જનજાગૃતિ વધે તે માટે તમામ અંગદાતા પરિવાજનો, મીડિયા કર્મીઓને અંગદાનના જનજાગૃતિ અભિયાનને વેગવંતો બનાવવા મંત્રી ઋષિકેશ પટેલ અનુરોધ કર્યો હતો. અંગદાન મહોત્સવ માં અંગદાનના સેવાકાર્યને વેગવંતુ બનાવતા રાજયના અંગદાતા પરિવાજનો, રીટ્રાઈવલ અને ટ્રાન્સપ્લાન્ટ કરતી સરકારી અને ખાનગી હોસ્પિટલ્સ, સેવાભાવી સંસ્થાઓ અને મીડિયા કર્મીઓના પ્રયાસોને બિરદાવવા સૌનું બહુમાન કરવામાં આવ્યું હતું. અંગદાન મહોત્સવમાં **IMA**ના મહામંત્રી ડો. અનિલ નાયક, રેડક્રોસ ગુજરાતના ડાયરેક્ટર અજય પટેલ, મીડિયા કલબના પ્રમુખ નિર્ણય કપુર, દિલિપ દેશમુખ, ડોન્ટ લાઈફના નિલેશભાઈ, અંગદાન સાથે જોડાયેલ અન્ય અગ્રણીઓ, મોટી સંખ્યામાં ટ્રાન્સપ્લાન્ટ સર્જન, તબીબો ઉપસ્થિત રહ્યા હતા.





સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# અલગતાવાદની કિંમત બધાએ ચુકવવી પડે છે

મણિપુરની સમસ્યાના સમાધાન અને શાંતિ માટે કોઈપણ પહેલ સ્વાગતયોગ્ય અને અનુકરણીય છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે બંને પક્ષના નેતાઓ સાથે સંવાદનો નવો દોર શરૂ કર્યો છે, તો વિપક્ષી સાંસદોએ પણ શનિ-રવિએ પૂર્વોત્તર જવાનો નિર્ણય કર્યો છે. સામુહિક અને ચોતરફી પ્રયાસોની આજે જરૂરિયાત છે. મણિપુરમાં લગભગ ત્રણ મહિનાથી ચાલતી જાતીય હિંસા વચ્ચે ગૃહમંત્રાલયે બુધવારે કુકી વિદ્રોહી સમૂહો સાથે વાતચીત કરી છે, આ એ કુકી વિદ્રોહી સમૂહ છે, જેના પહેલાં પણ સરકાર સાથે શાંતિ સમજૂતી કરી છે, પરંતુ આજ વિદ્રોહીઓની ભૂમિકા મણિપુર હિંસાને ભડકાવવાની રહી છે. જોકે આવા સમૂહોને સમજાવવા અને શાંતિ માટે સાથે લઈને ચાલવાની કોશિશ પ્રશંસનીય કહી શકાય. શરૂઆતી વાતચીતમાં કુકી નેતાઓએ મણિપુરથી અલગ પ્રશાસનની માંગ કરી હતી. પહેલાં તે ક્ષેત્રીય પરિષદની માંગ કરી રહ્યા હતા, પરંતુ હવે પોતાનું અલગ પ્રશાસિત ક્ષેત્ર માંગે છે. અસલમાં ગત દિવસોમાં કુકી અને મૈતી સમુદાયો વચ્ચે અવિશ્વાસની જે દીવાલ પેદા થઈ છે, તેણે જ અલગ પ્રશાસન અને અલગ રહેવાની માંગને બળ આપ્યું છે. કુકીને અલગ પ્રશાસન આપવાનો મતલબ એ છે કે મણિપુરની અંદર જ જાતીય આધાર પર એક પ્રકારનું વિભાજન.

એમાં શંકા નહીં કે મણિપુરમાં બંને સમુદાયોએ દેશને નિરાશ કર્યા છે. એ પણ દુઃખની વાત છે કે જ્યારે મળીને રહેવાની વાત થવી જોઈએ, ત્યારે અલગતાની માંગ કરવામાં આવે છે. મૈતીઓ તો હવે એ પણ આરોપો લગાવી રહ્યા છે કે મૈતીને અનુસૂચિત જનજાતિ અંતર્ગત અનામત આપવાનો વિરોધ તો એક બહાનું જ હતું, કુકી વિદ્રોહીઓનો અસલી મકસદ પોતાના માટે અલગ પ્રશાસનની માંગ કરવાનો હતો. આરોપો સાચા લાગે છે, પરંતુ આવા આરોપોમાં ક્ષેત્રીય રાજકારણ વધુ અને સમજદારી ઓછી હોય છે. એ પણ તથ્ય છે કે કુકીઓએ મૈતીને પહાડો પરથી અને મૈતી સમાજે કુકીઓને ઈમ્ફાલ ઘાટીથી ખદેડી મૂક્યા છે. હવે બંને સમુદાયોના નેતાઓને અમનની વાપસી મુશ્કેલ લાગી રહી છે, પરંતુ આ યોગ્ય નથી. બંને સમુદાયોના નેતાઓ સાથે અલગ-અલગ વાતચીતની સાથે જ સાથે બેસાડીને પણ વાતચીત કરવી જોઈએ. ભારત દેશ અને દેશભક્તિના વિચારને સામે રાખીને અવિશ્વાસની ખાઈ પૂરવી જોઈએ. શું વિપક્ષી નેતાઓ મણિપુરના લોકોના ઘા પર મલમ લગાવી શકશે કે પછી તેઓ ઘાને વધુ ખોતરશે? રાજ્યની ભાજપ સરકાર હિંસા રોકવામાં પોતાની નિષ્ફળતા મુદે સ્વાભાવિક રીતે વિપક્ષના નિશાના પર છે. પહેલાં એવું લાગ્યું હતું કે બીરેન સિંહ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપવાના છે, પરંતુ કથિત રૂપે તેમના સમર્થકોએ તેમને એવું કરવા ન દીધું. નિઃસંદેહ નિષ્ફળ નેતૃત્વમાં જ્યારે બદલાવ થાય છે ત્યારે તેનાથી શાંતિ બહાલીને બળ મળે છે અને રાજકારણની ગુંજાશ પણ ઘટી જાય છે. તોફાનો કે ઉપદ્રવથી તમામ પક્ષોને પરેશાની થાય છે. કોઈપણ પ્રકારના અલગતાવાદની કિંમત પણ બધાએ ચૂકવવી પડે છે. સમાજ, પ્રદેશ કે દેશ સંવાદ અને સમન્વયથી જ બને છે. મણિપુરમાં શાંતિ બહાલીમાં જોડાયેલા કોઈપણ ભારતીય નાગરિક, જનસેવક કે નેતાએ એ ધ્યાન રાખવું જોઈએ.

## ઓખા નગર પાલિકા વિસ્તારમાં પીવાના પાણીનો પોકાર

(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૧

ઓખા નગર પાલિકા વિસ્તારમાં કાયમી માટે આઠ કે દશ દિવસે પાણી વિતરણ કરાય છે. તંત્રએ કયારેય પણ આઠ દશ દિવસ પહેલા પ્રજાને પીવાનું પાણી વિતરણ કરેલ નથી. હાલ ભીમગજા તળાવ પાણીથી છલોછલ ભરેલ છે ત્યારે પણ છેલ્લા ૧૦ થી ૧૫ દિવસથી પ્રજાને પીવાનું પાણી વિતરણ થયેલ નહોવાથી લોકો સમસ્યા ભોગવી રહ્યા છે. પ્રજાની સુખાકારી માટે સરકાર દર વર્ષે ઓખા નગર પાલિકાને કરોડોની ગ્રાંટ આપે છે ઉપરાંત પ્રજા વેરો આપે છે પરંતુ ન.પા. તંત્રની અણ આવડત આળશ અને બેદરકારીને લીધે પીવાનું પાણી વિતરણ થતું નથી. હાલ છેલ્લા ૧૦/૧૫ દિવસ થી ઓખા ન.પા.નાં વિસ્તારમાં પીવાના પાણીનું વિતરણ ન થતા લોકો હાડમારી ભોગવી રહ્યા છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ઉત્સાહ વિના ક્યારે ઉચ્ચ લક્ષ્યની પ્રાપ્તિ થતી નથી.
- એમર્સન

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૨, મુ. મોહરમ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અધિક શ્રાવણ સુદ-૧૫ વ્રતની પૂનમ, લોકમાન્ય તિલક પૂણ્યતિથિ તા.૧ ઓગષ્ટ ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૨૧, મુસ્લિમ તા.૧૩, ઉત્તરાષાઢા નક્ષત્ર, પ્રીતિ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૨૨, સૂ.અ.૭:૩૨

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ-જ) કનકચંદ્ર સી.વ્યાસ

મેષ : આપની ઈચ્છા અટકીને પૂર્ણ થાય. કાર્યબોજમાં વધારો થાય.
વૃષભ : શેર-સટ્ટા, જુગારથી દૂર રહેવું. વ્યાપારમાં તેજી રહે.
મિથુન : સંપત્તિને લગતા પ્રશ્નો ઉકેલાય. વડીલવર્ગથી લાભ થાય.
કર્ક : નોકરીયાત વર્ગને બઢતી-બદલીના યોગ છે. ધંધાકીય ક્ષેત્રે પ્રગતિ થાય.
સિંહ : કૌટુંબિક વિવાદના ભોગ બનવું પડે. માંગલિક કાર્યમાં સફળતા મળે.
કન્યા : પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને. નાણાંભીડ દૂર થાય.
તુલા : ખાવા-પીવામાં કાળજી રાખવી. નવિન શુભ સમાચાર મળે.
વૃશ્ચિક : આકસ્મીક પ્રવાસના યોગ સર્જાય. વાદ-વિવાદથી દૂર રહેવું.
ધન : શત્રુઓને પીછેહટ કરવી પડે. અટકેલા કામમાં પ્રગતિ થાય.
મકર : સ્નેહિ-મિત્રની મદદથી નાણાંકીય સમસ્યા ઉકેલાય. લાભની તક સાંપડે.
કુંભ : અકારણ મનમાં ચિંતા અનુભવાય. કોર્ટ-કચેરીના કાર્યોથી દૂર રહેવું.
મીન : કોઈ નવી જગ્યાનો પ્રવાસ થાય. માનસિક પ્રસન્નતા અનુભવાય.

# અધિક શ્રાવણ માસ પૂનમ એવમ્ પવિત્ર મંગળવાર નિમિત્તે શ્રી કષ્ટભંજનદેવ દાદાને ફુલનો દિવ્ય શણગાર



(પ્રતિનિધિ દ્વારા) સાળંગપુર તા.૧

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ અને શતામૃત મહોત્સવ સાળંગપુરધામ ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી અધિકમાસ પૂનમ અને પવિત્ર મંગળવારે તા.૧-૮-૨૦૨૩ના રોજ શ્રીકષ્ટભંજનદેવને વાઘાનો દિવ્ય શણગાર અને દાદાના સિંહાસનને ભવ્ય શણગાર કરવામાં આવેલ એવં સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા તથા ૭ કલાકે શણગાર આરતી પ.પૂ. કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવેલ. અધિક શ્રાવણ માસ દરમ્યાન શ્રી હનુમાન ચાલીસા પાઠ અનુષ્ઠાનનુ આયોજન કરવામાં આવેલ તથા તેમજ મંગળવાર નિમિત્તે સાંજે મંદિરમાં શ્રી સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવેલ. પૂનમ નિમિત્તે સાંજે ૫:૩૦ કલાકે દાદાનું દિવ્ય ષોડશોપચાર પૂજન આયોજન કરવામાં આવેલ છે. હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શનનો તેમજ મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ હતો.

અધિક માસનું કથામૃત - કનકચંદ્ર સી. વ્યાસ



## મહાન વિરક્ત સન્નારી બાંકા

મહાન ભગવત ભક્ત નામદેવજી પર ભગવાન શ્રી વિઠ્ઠલનાથજીની ખૂબ જ કૃપા હતી તેથી નામદેવજી "ભગવાન સાથે સાક્ષાત વાતો કરતા હતા. નામદેવજી અવારનવાર કોઈ ભક્તજનને કંઈ સમસ્યા કે મુશ્કેલી "હોય તો તેની પ્રભુ પાસે રજૂઆત કરી તેનું દુઃખ દૂર કરવા માટે વિનંતી કરતા. "એકવાર આવા જ એક ભગવાનના પરમ ભક્ત એવા રાંકા માટે રજૂઆત કરતા નામદેવજીએ કહ્યું, ""હે નાથ, આપ તો ધારો તે કરી શકવાને સમર્થ છો, વળી તમે લક્ષ્મીના નાથ છો અને તમારા પરમ ભક્ત "એવા રાંકાને તો બરાબર ઓળખો છો. તમારામાં તેને અપાર શ્રધ્ધા છે. તે સતત તમારું સ્મરણ કરતો રહે છે. "આવા પરમ ભક્ત રાંકાને નિર્ધન શા માટે રાખ્યો છે? તમે તેના પર કૃપા કરી અને તેનું નિર્ધનપણું દૂર કરી દો "એવી જ મારી તમારી પાસે પ્રાર્થના છે." "ત્યારે પઢરપુરમાં બિરાજી રહેલા વિઠ્ઠલનાથ ભગવાન બોલ્યા, "નામદેવ, તું જાણતો નથી રાંકા તો "પરમ વૈરાગી છે તે જે હાલતમાં છે તે જ હાલતમાં જીવવા માંગે છે. તેનું હું કંઈપણ આપીશ તો તે સ્વીકારશે જ "નહીં. હવે, જે કાંઈ લેવા જ ન માંગતો હોય તેને હું શું આપી શકું ?" પરતું નામદેવજીએ તો ભગવાન પાસે હઠ "પકડી કે, "ગમે તે થાય પરંતુ તમે રાંકાને ધનવાન બનાવી દો." એટલે ભગવાને આખરે નામદેવજીની વાત "રાખી અને કહ્યું, "ભલે તું કહે છે તો હું તને અવશ્ય ઘા આપીશ માટે તું એમ કરજે કાલે એ જ્યારે જંગલમાં "લાકડા કાપવા જાય ત્યારે તું તેની પાછળ પાછળ જજે ને શું થાય છે તે છૂપાઈ અને જોજે." નામદેવજી ખૂબ જ "ખુશ થયા. "બીજે દિવસે વહેલી સવારે નામદેવજી તો રાંકાના ઝુંપડા પાસે ઊભા રહી ગયા. થોડી વારે રાંકા અને "તેની પત્ની ઝુંપડામાંથી બહાર નિકળ્યા. પાછળ પાછળ નામદેવજી પણ જંગલમાં પહોંચવા ચાલવા લાગ્યા "ત્યારે નામદેવજી ઝાડમાં ઝડપથી છૂપાઈ તેની નજીક પહોંચી ગયા. રાંકા કુહાડી લઈ એક સુકું ઝાડ કાપવા જાય "છે, ત્યાં તો તે ઝાડના મૂળ પાસે તેને એક થેલો દેખાય છે. એટલે નાનો એવો એ થેલો જોઈ તેને કૌતુક લાગ્યું. "તેથી તેણે તે ખોલીને જોયું તો તેમાં સોનામહોર ચમકતી હતી. પછી તુરંત જ કંઈક વિચારી અને રાંકા તે "સોનામહોર ઉપર ધૂળ નાખવા લાગ્યા. "તેમના પત્ની થોડા પાછળ રહી ગયા હતા. તે થોડાક નજીક આવ્યા અને રાંકાને ધૂળ નાખતા જોઈ એને "પણ નવાઈ લાગી તેથી તેમણે રાંકાને પૂછ્યું, "અરે તમે આ શું કરો છો ? લાકડા કાપવાને બદલે આ ધૂળ "નાખવાનું શું કારણ છે?" ત્યારે પહેલા તો રાંકાએ તેમની વાતને ટાળવાની કોશીસ કરી પરંતુ વારંવાર પત્નીના "આગ્રહને વશ થઈ અને રાંકાએ સાચું કારણ જણાવતા પોતાના ધર્મપત્નીને કહ્યું, "જુઓ, અહીં એક થેલી પડી "છે જે છલ્લો છલ સોનામહોરથી ભરેલી છે. આપણે રહ્યાં પ્રભુના ભક્ત જો આપણને ધન મળે તો તેના મદમાં "આપણે પ્રભુની ભક્તિ કરવાનું ભૂલી જ જઈએ. આ ધન જ કેટલાય અનર્થોનું મૂળ છે. જેને પ્રભુને પ્રાપ્ત કરવા "હોય તેને સાદું જીવન જીવવું જોઈએ. જો ધન આવે તો અટકતક નથી. તેથી તે સોનામહોર આપણા કોઈ કામ "પડી જાય અને તારું મન લલચાય તો અનર્થ થઈ જાય. માટે હું તેના પર ધૂળ નાખી રહ્યો છું. "આ વાત સાંભળી અને રાંકાના પત્ની ખડખડાટ હસી પડ્યા અને પછી પોતાના પતિ રાંકાને ઉદેશીને "કહ્યું, "વાહ...રે..વાહ... નાથ, તમે પણ ગજબ છો અને તમે આ સાવ ખોટી જ મહેનત કરી રહ્યાં છો હું તો "સોના અને ધૂળમાં કોઈ ભેદ માનતી નથી અને તમે આ ધૂળ ઉપર ધૂળ નાખવાનો સાવ વ્યર્થ પરિશ્રમ કરી રહ્યાં "છો અને છોડી અને લાકડા કાપવાનું શરૂ કરો જેથી આપણું મુખ્ય કાર્ય પાર પડે. "ધર્મપત્નીના વચનો સાંભળી અને પરમ ભક્ત રાંકાની આંખોમાં હર્ષના આંસુ આવી ગયા. તે બોલી "ઉઠ્યા, "ધન્ય છે તમને, ખરેખર હું ભાગ્યશાળી છું કે મારા કરતા પણ ચડિયાતા વૈરાગ્યી એવા તમે મને પ્રાપ્ત થયા છો. તમારો વૈરાગ્ય તો ખરેખર વિશિષ્ટ છે." બસ તે દિવસથી તેમનું નામ બાંકા પડી ગયું અને એ ""રાંકા-બાંકા" ની જોડીનું નામ આજે પણ પરમ ભક્તોમાં અમર થઈ ગયું છે. "ઝાડીમાં છૂપાયેલા રામદેવજી તુરંત ત્યાંથી નિકળી અને શ્રી વિઠ્ઠલનાથજી પાસે પહોંચ્યા અને પગે "લાગી પ્રભુ પાસે ક્ષમા માંગી અને કહ્યું, "તમે ખરા છો, પ્રભુ આ 'રાંકા-બાંકા' તો તમારી ભક્તિને જ સાચું "ધન માની જીવી રહ્યાં છે તેને સોના-ચાંદીથી કોઈ મતલબ નથી." ત્યારે ભગવાન શ્રી વિઠ્ઠલનાથજી પણ મંદ "મંદ સ્મિત કરી રહ્યાં હતા.

"આજનું ભજન"
ઉંચી મેડી તે મારા સંતની રે,
"મેં તો મ્હાલીનો જાણી હો રાજ... ઉંચી મેડી.
"અમને તે તેડા સિહ મોમલ્યા (૨)
"હે સી છે કોત્યો રાજ (૨)
"મોંઘા તે મુલની મારી ચુંદડી રે,
"જો તો મ્હાલીનો જાણી હો રાજ... ઉંચી મેડી.
"અડધા પહેર્યા ને અડધા પાથર્યા રે,
"ઉપર ઓઢાળ્યા ચીર ચારે કોરરાજ... ઉંચી મેડી.
"નથી તારાયા, નથી તંબુડી (૨)
"હે નથી ઉતર્યાનો આરો (૨)
""નરસિંહ" મેતાની સ્વામી શામળા રે,
"પ્રભુજી ઉતારે પાર હો રાજ... ઉંચી મેડી.

શ્રીમતિ રમણતારા કે. વ્યાસ

# રત્નાકર તટે હરિ હર ભૂમિ પ્રારંભ થયેલ શ્રીમદ્ ભાગવત પુરાણનો દ્વિતીય દિવસ



(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા) પ્રભાસ-પાટણ તા.૧

અહર્નિષ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં અને હરિ-હરની પાવન ભૂમિમાં વકતા શરદભાઈ વ્યાસના વ્યાસાસને ચાલી રહેલી શ્રીમદભાગવત્ત કથાના દ્વિતીય દિને કથામાં ભક્તો હરિહર ભક્તિમાં લીન થયા. રત્નાકર સમુદ્ર જેમાંથી રત્નો નીકળે છે, જયાં ભગવાન દેવાધિદેવ શિવ સોમેશ્વર સ્વરૂપે દૈદિપ્યમાન છે, જ્યાંથી ભગવાન શ્રી કૃષ્ણચંદ્ર પરમાત્માએ વૈકુઠ માટે મહાપ્રયાણ કરેલુ છે, આ પાવન પ્રભાસ ભૂમિ ઉપર અધિકમાસમાં પ્રભુનુ સ્મરણ, તીર્થ દર્શન અને કથા શ્રવણનું ખુબજ માહાત્મય રહેલુ છે. આજે કથામાં ભક્તોને શ્રીમદભાગવત્ત જે ભગવાનનું વાંગ્મય સ્વરૂપ માનવામાં આવે છે, તેનું વિશેષ માહાત્મ્ય સૌ શ્રોતાજનોને શ્રવણ કરાવેલ, વૈકુઠમાં સ્વયં ભગવાન છે, પણ ત્યાં શ્રીમદ્ ભાગવત્ત નથી, કથા સાંભળવા દેવોએ પણ પૃથ્વી પર આવવું પડે છે, આ એવું પવિત્ર મહાપુરાણ છે, જેના શ્રવણ માત્રાથી આધિ-વ્યાધિ-ઉપાધી આ ત્રણેય તાપોનું શમન થાય છે. ભગવાન શિવ અવઢરદાની આષુતોષ છે, જીવે પોતાના કલ્યાણ માટે પ્રભુભજન અને સ્મરણ કરે તો સંસારના બંધનોથી મુક્ત થાય છે. રામાયણ મહાભારત ગ્રંથોનુ પ્રવર્તમાન સમયમાં પઠન કરવું અને શ્રવણ કરવું એ ખુબ જ જરૂરી છે. ભગવાને શ્રીમદભાગવત ગીતા માં કહ્યું છે કે "જયારે જયારે ધર્મની હાની થાય છે, અધર્મ વધે છે, સંન્યાસી સાધુઓ દુઃખી થાય છે, ત્યારે પ્રત્યેક યુગમાં હું અવતાર ધારણ કરી ધર્મની રક્ષા કરૂ છું." આ કથા શ્રી સોમનાથ ટ્રસ્ટની યુટ્યુબ ચેનલ તથા વેબસાઈટના માધ્યમથી દેશ-વિદેશના ભક્તોએ ઘરબેઠા લાભ લીધો હતો, કથા વિરામ એ સૌ ઉપસ્થિત મહાનુભાવોએ ભાગવતજીની આરતી કરેલ હતી, સૌ ભક્તો મહાપ્રસાદ અને ધર્મ લાભ લઈ ધન્ય બન્યા હતા.

# જવાહર નવોદય વિદ્યાલય ગીર સોમનાથ કોડીનાર ખાતે "રાષ્ટ્રીય કક્ષાની જુડો કરાટે સ્પર્ધા યોજાઈ

(મુગલ અલ્તાફ દ્વારા) કોડીનાર તા.૧



જવાહર નવોદય વિદ્યાલય ગીર સોમનાથ કોડીનાર ખાતે વેસ્ટ ઝોનની જુડો સ્પર્ધા યોજાય હતી. આ સ્પર્ધામાં ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા તેમજ દીવ-દમણ રાજ્યોની જુદી-જુદી ૭૫થી પણ વધારે નવોદય વિદ્યાલયના ખેલાડીઓએ ભાગ લીધો હતો. જુદા જુદા વજન ગૃપમાં તથા જુદા જુદા ઉંમર ગ્રુપમાં યોજાયેલી આ સ્પર્ધામાં જવાહર નવોદય વિદ્યાલય કોડીનાર ખેલાડીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરીને જનરલ ચેમ્પિયનશિપ મેળવી હતી. આ વિજેતા ખેલાડીઓ હૈદરાબાદ ખાતે યોજાનારી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. આ તકે જુડોની તાલીમ અને સપર્ધાના કોચ વ્યાયામ શિક્ષક નીરજ જાની (બ્લેક બેલ્ટ)એ જણાવ્યું હતું કે જુડો એ ભગવાન બુદ્ધે માનવ જાતને સ્વરક્ષણ માટે આપેલી અણમોલ ભેટ છે. જુડો એ રક્ષણાત્મક ભાવના શીખવે છે. અન્યને હાનિ પહોંચાડવા માટે નથી. ત્યારે વિદ્યાર્થીની ઓ માટે ખાસ ડિફેન્સ ટેકનીકની તાલીમ પણ નવોદય વિદ્યાલય ની વિદ્યાર્થીનીઓને કોચ દ્વારા અપાય રહી છે. ગમે તેવી પરિસ્થિતિમાં છોકરીઓએ પોતાનો બચાવ કેમ કરવો તે માટેની વિશેષ તાલીમ અને સમજણ અપાઈ રહી છે. સમગ્ર કાર્યક્રમના આયોજન માટે પ્રિન્સિપાલ એસ.વી. પાટીલ તથા વાઈસ પ્રિન્સિપાલ જીતેન્દ્ર રચેતા તથા શાળાના સમગ્ર સ્ટાફે જહેમત ઊઠાવી હતી. આ તકે શાળાના આચાર્ય પાટીલ હૈદરાબાદ ખાતે યોજાનારી મેચમાં પણ ગીર-સોમનાથ નવોદયના ખેલાડીઓ ઉત્કૃષ્ટ દેખાવ કરી વિજેતા થશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# માંગરોળમાં વર્ષો જુનો વોકળો ખુલ્લો કરવાની માંગ સાથે આવેદન અપાયું



(નિલેશ રાજપરા દ્વારા) માંગરોળ તા.૧

માંગરોળમાં તિરૂપતિ નગરમાં ઘુસી જતા વરસાદી પાણી અને વિજળીની સમસ્યાથી ત્રસ્ત રહીશોએ મામલતદાર અને ચીફ ઓફીસરને આવેદન પાઠવ્યું હતું. સોસાયટીની બંને તરફ બિલ્ડરો દ્વારા રેતી, કાંકરીની ભરતી કરી પાણીના નિકાલ માટે વર્ષો જુનો વોંકળો બંધ કરી દેવાયાનો આક્ષેપ કરી, ફરી ખુલ્લો કરાવવા માંગ કરી છે..૧૯૯૮માં રહેણાંક હેતુ માટે અસ્તિત્વમાં આવેલ શહેરના તિરૂપતિ નગર ૧ અને ૨ સોસાયટીમાં અંદાજીત ૧૫૦ મકાનો આવેલા છે. ૫૦૦ લોકો વસવાટ કરે છે. આ સોસાયટીની સામેની બાજુ તળાવ આવેલું છે. જેમાં ગ્રામ્ય વિસ્તારોમાંથી નીકળતા પાણીનો સંગ્રહ થાય છે. તાજેતરમાં પોરબંદર - વેરાવળ હાઈવેના નવિનીકરણ અંતર્ગત નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા રસ્તો ઉંચો બનાવવામાં આવેલ છે. ઉપરાંત કેશોદ બાયપાસ ચોકડી આગળ જુનો પુલ હતો, તેની જગ્યાએ પાણીનાં નિકાલ માટે અંડરગ્રાઉન્ડ સિમેન્ટના ભૂંગળા નાંખવામાં આવ્યા છે. પરંતુ માનખેત્રા ગામ તરફથી આવતું પાણી તેમાંથી પસાર ન થઈ શકતું હોવાથી હાઈવે ઉપરથી થઈ સોસાયટીમાં ફરી વળે છે અને રહેણાંક મકાનોમાં ઘુસી જાય છે. પાણી ભરાવાની સમસ્યાના કાયમી નિકાલ માટે અહીં પહેલાની જેમ પુલ બનાવવામાં માંગણી કરી છે. આ ઉપરાંત માનખેત્રા તરફ કેશોદ -માંગરોળ હાઈવે બાજુ વરસાદી પાણીના નિકાલનો વોંકળો માટી, કાંકરીની ભરતી કરીને બિલ્ડરે બુરી દીધાનો પણ આક્ષેપ કર્યો છે. પરિણામે આ પાણી વોંકળામાંથી પસાર થવાને બદલે હાઈવે પર વહે છે. ત્યારબાદ આ પાણી તળાવમાં જવાને બદલે છેલ્લા બે વર્ષથી સોસાયટીઓમાં ફરી વળે છે. આગળ વેરાવળ બાયપાસ પર પણ બિલ્ડર દ્વારા રેતી, કાંકરીની ભરતી કરેલ હોવાથી પાણી આગળ ન જઈ શકતા મકાનોમાં ઘૂસી જતા ઘરવખરી, સાધનસામગ્રી અને ઈલે. ઉપકરણોમાં નુકશાન પહોંચે છે. તેવો આક્ષેપ સોસાયટીના રહીશો એ કરેલ છે અને તેમને પડી રહેલી પારાવાર હાલાકીથી મુકિત અપાવવા માંગ કરી છે.

**સોસાયટીનું ટ્રાન્સફોર્મર તળાવમાં !!**

રહેવાસીઓએ રજુઆતમાં જણાવ્યું છે કે ચોમાસામાં વરસાદના પાણી ભરાતા લાઈટ બંધ કરી દેવાય છે. જેથી બાળકો, વૃધ્ધોને ભારે તકલીફ વેઠવી પડે છે. આ અંગે વિજતંત્રને જાણ કરાતા "તમારી સોસાયટીનું વિજ ટ્રાન્સફોર્મર તળાવમાં ફીટ કર્યુ હોવાથી પાણી ઓસરશે ત્યારે લાઈટ આવશે" તેવો જવાબ આપવામાં આવે છે. ટ્રાન્સફોર્મરને તળાવની બહાર ફીટ કરવા અરજી આપવામાં આવી છે તેમજ પાણી ઓસરી ગયું હોવા છતાં કામગીરી કરવામાં આવી ન હોવાનો આક્ષેપ કર્યો છે.

## ઉના : ચમત્કાર બતાવી છેતરપીંડી કરતા બેને ઝડપી લેતી પોલીસ

(પ્રતિનિધિ દ્વારા) ઉના તા.૧

ઉના પોલીસે ધાર્મિક વિધિ કરવાના બહાને ચમત્કાર બતાવી તાંત્રિક વિધિ કરવાની છેતરપીંડી કરતા દિલુનાથ શાંતુનાથ પરમાર રહે.જાલણસર, જિલ્લો જૂનાગઢ અને નારણ નાથ ઉર્ફે ચકાભાઈ સુરનાથ ધાંધલ રહે.મહાવીર નગર, કેરિયા રોડ, લાઠી, જિલ્લો અમરેલી વાળાને ઉના પોલીસે પકડી પાડી ત્રણ ગુનાઓનો ભેદ ઉકેલી અને રૂપિયા ૨ લાખ ૧૫ હજારનો મુદ્દામાલ કબજે કરી સફળતા મેળવી ઉના, ગીર ગઢડા, સ્વામીના ગઢડા તાલુકાના ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો હતો. આ કામગીરીમાં જીલ્લા પોલીસ વડા જાડેજા અને ઉના પ્રાંતના મદદનીશ પોલીસ અધિકારી જીતેન્દ્ર અગ્રવાલની સૂચનાથી થયેલ ગુનાઓનો ભેદ ઉકેલવા ઉના પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એન.કે.ગૌસ્વામી અને સ્ટાફે ગુનનો ભેદ ઉકેલી નાંખ્યો હતો.


CHANGE OF NAME

I ABDULLAH MOHAMMAD HASAM SIDA I HAVE CHANGE MY OLD NAME MOHAMMED FIRDOUS MOHAMMED SIDA TO MY NEW NAME ABDULLAH MOHAMMAD HASAM SIDA. PLEASE NOTE THAT NOW ON WORD I WILL BE KNOWN AS PER MY NEW NAME.

: ADDRES :
FIRDOUS HOUSE, NEAR MOBILE TOWER
GANDHINAGAR SOCIETY KESHOD-362220 .
DIST. JUNAGADH
MO. 98790 22150

CHANGE OF NAME

I FATIMA MUSABHAI DARBAN I HAVE CHANGE MY OLD NAME FATEMA MUSABHAI DARBAN TO MY NEW NAME FATIMA MUSABHAI DARBAN. PLEASE NOTE THAT NOW ON WORD I WILL BE KNOWN AS PER MY NEW NAME.

: ADDRES :
BAGE FATIMA DATAR MANZIL
BOROBAZAR, TOWER CHOWK, JAFRABAD,
DIST. AMRELI

# ચાર અધિકારીઓ હવે વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં પણ કામગીરી કરશે

## શિક્ષણ વિભાગના અધિકારીઓને વધારાની જવાબદારી તરીકે કામગીરી સોંપવામાં આવી

અમદાવાદ, તા.૧

રાજ્યના શિક્ષણ વિભાગમાં ફરજ બજાવતા ચાર અધિકારીઓએ વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં વધારાની જવાબદારી સોંપવામાં આવી છે. વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં થતી કામગીરીના મોનિટરિંગ માટે આ ચાર અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે અને તેમને રોજ ૩૦ મિનિટ વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં ફાળી કામગીરીની સમીક્ષા કરવા માટે સૂચના આપી છે. વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં થતાં કાર્યો જેવા કે ઓનલાઈન હાજરી, એકમ કસોટી, સત્રાંત કસોટી અને સ્કૂલ એક્રેડિટેશનની રોજેરોજ થતી કામગીરીનું મોનિટરિંગ કરવું જરૂરી હોય છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે થતી કામગીરીનું અસરકારક પરિણામ દરેક સ્તરે સુનિશ્ચિત કરી શકાય તે માટે ચાર અધિકારીઓને તેમની હાલની જવાબદારી ઉપરાંત વધારાની કામગીરી સોંપવામાં આવી છે. જે અધિકારીઓને વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં વધારાની કામગીરી સોંપવામાં આવી છે તેમાં સંયુક્ત નિયામક એસ.પી. ચૌધરીને તેમની હાલની જવાબદારી ઉપરાંત સ્કૂલોની હાજરી, એકમ કસોટી, સત્રાંત કસોટી સહિતની તમામ માહિતીનું ઓનલાઈન ડેટા એન્ટ્રી સમયસર થાય તે જોવાની જવાબદારી સોંપાઈ છે. જ્યારે શિક્ષણ બોર્ડના સંયુક્ત નિયામક બી.એન. રાજગોરને ગ્રાન્ટેડ અને સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓની એન્ટ્રીની જવાબદારી, GCERTના સચિવ ડી.આર. સરડવાને સ્કૂલ એક્રેડિટેશન અંતર્ગત થતી કામગીરી તથા શૈક્ષણિક મોનિટરિંગ સહિતની કામગીરી સોંપાઈ છે. જ્યારે સમગ્ર શિક્ષાના સચિવ મહેશ મહેતાને એકમ કસોટી, સત્રાંત કસોટી, મોનિટરિંગ એપ્લિકેશન, વ્હીલક ટ્રેકિંગ સિસ્ટમ, સમગ્ર શિક્ષા અંતર્ગત મોનિટરિંગ સહિતની કામગીરીની જવાબદારી સોંપાઈ છે. આ અધિકારીઓએ રોજેરોજ વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે ઓછામાં ઓછા ૩૦ મિનિટનો સમય ફાળવી ઉપસ્થિત રહેવાનું રહેશે અને થયેલી કામગીરીની સમીક્ષા કરવાની રહેશે. માહિતી ન આપતી સ્કૂલોને ડીઈઓ-ડીપીઈઓ સાથે રાખી અમલ કરાવવાનો રહેશે. આ કામગીરીનું સુપરવિઝન ખાતાના વડાએ કરવાનું રહેશે અને તેનું બ્રિફીંગ શિક્ષણ સચિવ સમક્ષ કરવાનું રહેશે.

## ગુજરાતમાં આગામી પાંચ દિવસ વરસાદની આગાહી

# સુરત, ડાંગ, નવસારી, તાપીમાં ભારે વરસાદની શક્યતા

અમદાવાદ, તા.૧

હવામાન વિભાગે આવનાર ૫ દિવસ હજુ પણ ગુજરાતના અમુક વિસ્તારો માટે ભારે ગણાવ્યા છે. આગાહી મુજબ સુરત, ડાંગ, નવસારી અને તાપીમાં ભારે વરસાદ પડી શકે છે તો બીજી તરફ સૌરાષ્ટ્રમાં વરસાદી માહોલ એકદમ શાંત રહેશે. આ ઉપરાંત અમદાવાદમાં છૂટાછવાયા વરસાદના ઝાપટા પડી શકે છે. ભારે પવનના કારણે આવનાર ૫ દિવસ માટે ફિશરમેનને પણ દરિયો ના ખેડવા માટે વોર્નિંગ આપવામાં આવી છે. દરિયાઈ સીમા સાથે જમીની સીમા પર પણ ભારે પવન રહેશે. હાલમાં કોઈ સિસ્ટમ એક્ટિવેટ નથી. અત્યાર સુધીમાં રાજ્યમાં સિઝનનો ૮૫ ટકા વરસાદ નોંધાયો. રાજ્યના કેટલાક વિસ્તાર માટે હજુ ૨૪ કલાક ભારે છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડો.અભિમન્યુ ચૌહાણે વરસાદને લઈને આગાહી કરી છે. તેમના અનુસાર, આગામી ૫ દિવસમાં ૨૪ કલાક દક્ષિણ ગુજરાતમાં કેટલાક વિસ્તારમાં ભારે વરસાદની આગાહી છે. તેમણે કહ્યું કે, આ દિવસોમાં દક્ષિણ ગુજરાતમાં સુરત, ડાંગ, નવસારી અને તાપીમાં ભારે વરસાદની આગાહી છે. સૌરાષ્ટ્રમાં કોઈ ભારે વરસાદની આગાહી હાલ નથી. પરંતુ ૨૪ કલાક બાદ છુટોછવાયો વરસાદ રહેશે. અમદાવાદમાં છુટોછવાયા વરસાદની આગાહી છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહી કરતા જણાવ્યું કે, આજથી ઓગષ્ટના શરૂઆતના દિવસોમાં રાજ્યના અલગ અલગ ભાગોમાં વરસાદ પડવાની સંભાવના છે. જેમાં મુંબઈ મહારાષ્ટ્રના ભાગોમાં અતિભારે વરસાદની આગાહી છે. તેમજ વલસાડમાં ભારે વરસાદની આગાહી છે. દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ નવસારી અને ભરૂચમાં વરસાદની સંભાવના છે. તારીખ ૫ ઓગષ્ટ સુધીમાં દક્ષિણ સૌરાષ્ટ્રના ભાગોમાં વરસાદની સંભાવના છે. ગુજરાતના કોઈ કોઈ ભાગોમાં ભારે વરસાદ થઈ શકે છે.

# કેરળમાં હાહાકાર : પાંચ વર્ષની બાળા ઉપર પડોશી દ્વારા દુષ્કર્મ : લાશ કોથળામાં ભરી કચરાપેટીમાં ફેંકી

એર્નાકુલમ, તા.૧

કેરળના એર્નાકુલમ જિલ્લામાં ૫ વર્ષની બાળકી ઉપર બળાત્કાર બાદ તેનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી હતી. આરોપીએ બાળકીના મૃતદેહને કોથળામાં ભરીને ડમ્પિંગ ગ્રાઉન્ડમાં ફેંકી દીધો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે. ઘટના શુક્રવાર સાંજની છે. પોલીસે શનિવારે આ અંગે મીડિયાને માહિતી આપી હતી. એર્નાકુલમના એસપી વિવેક કુમારે જણાવ્યું, શુક્રવારે સાંજે બાળકીનું અપહરણ કરવામાં આવ્યું હતું. અમારી ટીમે સીસીટીવી ફૂટેજ ચેક કર્યા જેમાં યુવતી આરોપી સાથે જોવા મળી હતી. તે જ દિવસે રાત્રે ૯.૩૦ વાગ્યે આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. તે સમયે તે નશામાં હતો અને યુવતી તેની સાથે નહોતી. સ્થાનિક લોકોએ યુવતીને આરોપી સાથે બજાર પાસે જોઈ હતી. તેણે આ અંગે પોલીસને જાણ કરી હતી. પોલીસે આખા વિસ્તારમાં તપાસ કરી તો બાળકીની લાશ બજારની પાછળ મળી આવી. લોકો આ વિસ્તારમાં કચરો ફેંકતા હતા અને ઘણા અસામાજિક લોકો અહીં નશો કરવા આવતા હતા. એર્નાકુલમના એસપી વિવેક કુમારે દાવો કર્યો છે કે પોલીસે મામલાની માહિતી મળ્યાના એક કલાકમાં જ આરોપીની ધરપકડ કરી લીધી હતી. પોલીસે જણાવ્યું, આરોપી વ્યક્તિ બિહારનો રહેવાસી છે અને કેરળમાં મજૂરીનું કામ કરે છે. યુવતીના માતા-પિતા પણ બિહારના છે અને મજૂરી કામ કરે છે. યુવતી જે બિલ્ડિંગમાં રહેતી હતી તે જ બિલ્ડિંગના પહેલા માળે આરોપી રહેતો હતો. આરોપીએ અગાઉ પૂછપરછમાં પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે શનિવારે સવારે પોતાનો ગુનો કબૂલી લીધો હતો. વિપક્ષી પાર્ટી કોંગ્રેસે આ ઘટનાને લઈને ડાબેરી સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા છે. વિધાનસભામાં વિપક્ષના નેતા વીડી સતીસને કહ્યું કે પોલીસ સમયસર બાળકીને શોધી શકી નથી. કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ કે સુધાકરને પીડિત પરિવારને વળતર આપવાની સરકારને અપીલ કરી છે.

# ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં ફાયર સેફ્ટીને લઈ ચેકિંગ હાથ ધરાશે

## હોસ્પિટલોના બેઝમેન્ટ કે અન્ય સ્થળે પડેલી બિનજરૂરી સામાન-ભંગારના નિકાલ માટે સૂચના અપાશે



ગાંધીનગર, તા.૧

અમદાવાદમાં આવેલી રાજસ્થાન હોસ્પિટલમાં આગની ઘટના લાગ્યા બાદ રાજયના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલનુ નિવેદન સામે આવ્યુ છે. રાજસ્થાન હોસ્પિટલના બેઝમેન્ટમાં બિનજરૂરી ચિજો પડી હતી.ર જેમાં શોટસર્કિટ થવાને લઈ આગ લાગી હતી. પ્રાથમિક જાણકારી આ પ્રકારની સામે આવ્યા બાદ હવે રાજ્યનુ આરોગ્ય વિભાગ સતર્ક બન્યુ છે. આરોગ્ય પ્રધાને કહ્યુ છે કે આ ઘટનાને લઈ રાજ્યમાં આવેલી તમામ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં આ પ્રકારની તપાસ કરવામાં આવશે અને આવી ઘટનાઓની સામે સાવચેતીના આગોતરા પગલા હાથ ધરવામાં આવશે. પ્રધાન ઋષિકેશ પટેલે કહ્યુ હતુ કે, મલ્ટી સ્પેશિયાલિસ્ટ અને અન્ય સરકારી હોસ્પિટલોમાં તપાસ શરૂર કરવામાં આવશે. બિનજરૂરી ચિજો જે હોસ્પિટલોના બેઝમેન્ટર કે અન્ય સ્થળે પડી હશે એવા ભંગારનો તત્કાળ નિકાલ કરવા માટે સૂચનાઓ જારી કરવામાં આવશે. તપાસ દરમ્યાન બેદરકારી દાખવતી સામે આવનારી હોસ્પિટલના જવાબદારોની સામે આરોગ્ય વિભાગ હવે લાલ આંખ કરશે. તેમ મંત્રીએ જણાવ્યું હતું.

# ભારતીય શિક્ષણ પ્રણાલીમાં અસમાનતાના સ્વરૂપો જોવા મળે છે, જાતિ, વર્ગના મુદ્દાઓ ઉપર ધ્યાન આપવાની ખાસ જરૂર છે

નવી દિલ્હી તા.૧

ભારતના મીડિયા પ્લેટફોર્મ ઉપર નિયમિતપણે દર્શાવવામાં આવે છે કે, રિક્ષાચાલકના પુત્રએ સૌથી અઘરી એન્જિનિયરિંગ પ્રવેશપરીક્ષા પાસ કરી છે. આવા સમાચાર ભારતના ગતિશીલ શિક્ષણ ક્ષેત્રની સમાનતા અને અસમાનતા બંનેનું પ્રતિનિધિત્વ કરે છે. સમાનતા એટલે કારણ કે આવા ઉમેદવારોની તેમની મહેનતનું ફળ મળ્યું છે અને શિક્ષણ તેમના અને તેમના પરિવારોને સશક્ત કરી રહ્યું છે. અસમાનતા એટલા માટે કારણ કે તેઓ તેમના સમુદાયો, જાતિઓ અને વર્ગોમાં અપવાદરૂપ લોકોનું પ્રતિનિધિત્વ કરે છે. તેમની સફળતાના સનસનાટીભર્યા અહેવાલો માત્ર એ જ દર્શાવતા નથી કે કેવી રીતે ઉચ્ચ ખાનગીકરણ શિક્ષણ અને કોચિંગ સિસ્ટમ દ્વારા નવા ભારતના સપના વેચવામાં આવે છે, પરંતુ સારી વેતનવાળી, સન્માનજનક નોકરીઓની એક વિચિત્ર દુનિયાનું પણ નિરૂપણ કરે છે જ્યાં ગરીબ મજૂરના પુત્રનો પ્રવેશ એક ઉચ્ચ માનક બે બદલે એક સમાચાર છે. આ શિક્ષણ પ્રણાલીની પૂર્વધારણા છે જેમાં વિવિધ વર્ગો અને સામાજિક પ્રોફાઈલના વિદ્યાર્થીઓ વચ્ચે નોંધપાત્ર શિક્ષણનું અંતર હોય છે. ભારતની વર્તમાન શિક્ષણ પ્રણાલી બે ઘટનાની સાક્ષી છે. ભારતની સામાજિક રીતે હાંસિયામાં ધકેલાઈ ગયેલી જાતિઓ અને વર્ગો દ્વારા જાહેર શિક્ષણની વધુ પહોંચ અને નીચેથી ઉપર સુધી શિક્ષણ ક્ષેત્રનું વધુમાં વધુ ખાનગીકરણ. દરેક લોકોને પરવડે તેવા શિક્ષણ માટેની જગ્યાઓ મર્યાદિત થઈ રહી છે અને બેઠકો અને રોજગાર માટે સ્પર્ધા વધી રહી છે. ભારતની સામાજિક અને આર્થિક અસમાનતા શિક્ષણના સ્થળે વધુ પ્રબળ બની રહી છે. આ વિસંગતતાનું વિસ્તૃત પ્રતિબિંબ ત્યારે પણ જોઈ શકાય છે જ્યારે સામાજિક રીતે હાંસિયામાં ધકેલાઈ ગયેલા પશ્ચાદભૂના સફળ વિદ્યાર્થીઓને આ શૈક્ષણિક સશક્તિકરણના કાયદેસરના દાવેદારો તરીકે જોવામાં આવતા નથી કારણ કે તેઓ સ્વાભાવિક રીતે તેમના સામાજિક રીતે સમૃદ્ધ પૃષ્ઠભૂમિના સાથીદારો કરતાં ઓછી "ગુણવત્તાવાળા" તરીકે જોવામાં આવે છે. તેમની સફળતાનો શ્રેય તેમની સામાજિક રીતે હાંસિયામાં ધકેલાઈ ગયેલી પૃષ્ઠભૂમિને કારણે ઘણી વાર વિશેષ તરફેણને આભારી ગણવામાં આવે છે. ઐતિહાસિક રીતે, ભારત ધીમી શિક્ષણ ક્રાંતિમાંથી પસાર થઈ રહ્યો છે. આજના ભારતનો સાક્ષરતા દર ૭૭ ટકાથી વધુ છે, જે ૧૯૪૭માં સ્વતંત્રતા સમયે ૧૮.૩ ટકાથી નીચે હતો. ૧૯૦૦ના દાયકામાં, ભારતને નિરક્ષર રાષ્ટ્ર તરીકે ઓળખવામાં આવતું હતું. હવે તે ગતિશીલ શિક્ષણ પ્રણાલીનું કેન્દ્ર છે. જો કે, તે હજુ પણ સામાજિક-આર્થિક અસમાનતાના આત્યંતિક સ્વરૂપો દ્વારા ચિહ્નિત થયેલો સમાજ છે જેના લીધે તેની શૈક્ષણિક સિદ્ધિઓને નુકસાન થાય છે. ભારતે સૌથી બુદ્ધિશાળી અને વૈશ્વિક સ્તરે પ્રખ્યાત સોફ્ટવેર એન્જિનિયરો, ડોક્ટરો અને વિદ્વાનો પેદા કર્યા છે. તે જ સમયે, એવા લોકો પણ છે જેઓ ક્યારેય શાળાએ ગયા નથી, પુસ્તક વાંચ્યું નથી અને તેમના બાળકોને શાળાએ મોકલવા માટે સંઘર્ષ કરે છે. આધુનિક ભારતમાં શિક્ષણની ભવ્ય કથાને રાષ્ટ્રવાદી કે જાતિ સંઘર્ષના પરિપ્રેક્ષ્યમાં જોવામાં આવે છે. જો કે, જ્યારે સામાજિક અને આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓ શિક્ષણમાં પ્રવેશ કરે છે, ત્યારે તેમનો સંઘર્ષ શિક્ષણની સમાન પહોંચ માટે નથી, પરંતુ સામાજિક અને આર્થિક રીતે સમૃદ્ધ પૃષ્ઠભૂમિમાંથી તેમના સાથીદારોની જેમ સમાન તકો અને જ્ઞાન મેળવવા માટે જ છે. આ પછીના મુદ્દાને સમજવું અને ઓળખવું જોઈએ, અને શૈક્ષણિક સમસ્યા અને નીતિ વિષયક બંનેમાં વર્તમાન શિક્ષણ પ્રણાલીમાં સુધારાની ચાવી છે. ભાષા પ્રશિક્ષણ, સાંસ્કૃતિક, અભ્યાસક્રમ શીખવાની સિદ્ધિઓ, શિક્ષણ ચાલુ રાખવા માટે શૈક્ષણિક સંસાધનો ખરીદવાની ક્ષમતા, વર્ગ અને જાતિના ભિન્નતાને કારણે અસમાન વિદ્યાર્થી જીવનનો અનુભવ અને કેમ્પસમાં મહિલાઓ માટે ધોરણો અને સલામતી એવા કેટલાક મુદ્દાઓ છે જે સમાન તકો અને જ્ઞાનનો દાવો કરતી વખતે ઉદ્ભવે છે. શિક્ષણને અસર કરતા આ મુદ્દાઓ શિક્ષણને વ્યાપક સામાજિકઆર્થિક માળખામાં સ્થાન આપે છે જેમાંથી આપણે શિક્ષણને અમૂર્ત કરી શકતા નથી. શિક્ષણ એ સમાજ અને અર્થવ્યવસ્થા માટે એટલો જ જરૂરી બની ગયો છે અને સમાજ અને અર્થવ્યવસ્થા શિક્ષણ પ્રણાલીને આકાર આપે છે.

# ૨૦૧૯ની લોકસભા ચૂંટણી માટે EVM-VVPATમાં વિસંગતતા અંગેના ડેટા રજૂ કરવામાં નિષ્ફળતા બદલ પેનલે કેન્દ્રની ટીકા કરી



નવી દિલ્હી તા.૧

સરકારી ખાતરીઓ ઉપરની સંસદીય સમિતિએ ૨૦૧૯માં ગૃહના ફ્લોર ઉપર ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો અને વોટર વેરિફાયેબલ પેપર ઓડિટ ટ્રેલ વચ્ચે કોઈ વિસંગતતા હતી કે કેમ તે અંગેની માહિતી પ્રદાન કરવા અંગે આપવામાં આવેલી ખાતરીને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહેવા બદલ કેન્દ્ર સરકારની ટીકા કરી છે. સરકારી ખાતરીઓ પરની સમિતિએ કાયદા અને ન્યાય મંત્રાલયને લગતી બાકી ખાતરીઓની સમીક્ષા અંગેના તેના ૮૫મા અહેવાલમાં સંસદને માહિતી પ્રદાન કરવામાં સરકાર નિષ્ફળ રહી હોવા અંગે તેની નિરાશા વ્યકત કરી હતી અને કહ્યું હતું કે, એ ચિંતાની વાત છે કે, ઈનપુટ્સ મંત્રાલય દ્વારા હજુ ચૂંટણી પંચની રાહ જોવાઈ રહી છે. સમિતિએ જણાવ્યું હતું કે, ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો અને મતદાર વેરીફાઈબલ પેપર ઓડિટ ટ્રેઈલ વચ્ચેની વિસંગતતાઓ શોધવી એ ચૂંટણી પ્રક્રિયાની અખંડિતતા અને પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટેનું એક નિર્ણાયક પાસું છે. સમિતિને લાગે છે કે, મતદાન પ્રક્રિયાની સુરક્ષા અને વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવા માટે આવા મુદ્દાઓને ઓળખવાની જરૂરિયાત છે. ઈવીએમ અને વીવીપીએટી મતદારોની પસંદગીનું ચોક્કસ પ્રતિબિંબ પ્રદાન કરવા માટે બનાવવામાં આવ્યા છે તેમાં વિસંગતતાઓ શોધવાથી કાનૂની આવશ્યકતાઓનું પાલન સુનિશ્ચિત કરવામાં મદદ મળે છે. ચૂંટણી સત્તાવાળાઓ, સરકારી એજન્સીઓ અને ક્ષેત્રના નિષ્ણાતોએ વિસંગતતાઓને અસરકારક રીતે ઉકેલવા માટે મજબૂત પ્રક્રિયાઓ અને પ્રોટોકોલ સ્થાપિત કરવા માટે સહયોગ કરવો જોઈએ. જો કે, સમિતિને અફસોસ થાય છે કે, આ દિશામાં ઓછું કામ કરવામાં આવ્યું છે જેના પરિણામે જૂન, ૨૦૧૯ની શરૂઆતમાં સરકાર દ્વારા આપવામાં આવેલી ખાતરી ચાર વર્ષથી વધુ સમય વીતી જવા છતાં હજુ પણ અધૂરી છે. તેણે જણાવ્યું હતું કે, તે જરૂરી માહિતી માટે હજુ પણ ચૂંટણી પંચ પાસેથી રાહ જોઈ રહી છે. પેનલે મંત્રાલયની ટીકા કરતાં કહ્યું કે, આ માહિતી પ્રાપ્ત થઈ નથી તે હકીકત આ મુદ્દે મંત્રાલયના સંકલિત અભિગમના અભાવને દર્શાવે છે. સમિતિએ જણાવ્યું હતું કે, મંત્રાલય દ્વારા જે રીતે આ મુદ્દાને હેન્ડલ કરવામાં આવ્યો છે અથવા તેની સાથે વ્યવહાર કરવામાં આવ્યો છે તે અંગે તે સહમત નથી. સમિતિએ કહ્યું છે કે, EVM અને VVPAT વચ્ચેની વિસંગતતાઓને ઓળખવી એ તાકીદની આવશ્યકતા છે કારણ કે, તે મતોની નોંધણી અને ગણતરી યોગ્ય રીતે થઈ રહી છે તેની ખાતરી કરીને ચૂંટણી પ્રક્રિયામાં વિશ્વાસ જાળવવામાં મદદ કરે છે. તેણે મંત્રાલયને આ બાબતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા, નક્કર કાર્ય યોજના હેઠળ વધુ ગંભીર પ્રયાસો કરવા અને ચૂંટણી પંચ સાથે વધુ સારી રીતે સંકલન કરવા અને જરૂરી માહિતી મેળવવાના માર્ગો અને માધ્યમો શોધવાની ભલામણ કરી છે. કમિટીએ જે ખાતરીનો ઉલ્લેખ કર્યો છે તે 'EVM અને VVPAમાં વિસંગતતા' સંબંધિત ૨૬ જૂન, ૨૦૧૯ના રોજ પૂછાયેલા પ્રશ્નના જવાબમાં આપવામાં આવી હતી. આ પ્રશ્નમાં ઉઠાવવામાં આવેલ મુદ્દો એ હતો કે શું લોકસભા ચૂંટણીમાં કોઈપણ મતવિસ્તારમાં EVM અને VVPAT મશીનની ગણતરી વચ્ચે કોઈ વિસંગતતા જોવા મળી હતી અને તેના જવાબમાં મંત્રાલયે ખાતરી આપી હતી કે, તે અંગે માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે અને તેને ગૃહમાં રજૂ કરવામાં આવશે. આ ખાતરીને અમલમાં મૂકવા માટે તેના દ્વારા કરવામાં આવેલા પ્રયાસો અંગે અપડેટ આપતા મંત્રાલયે જાન્યુઆરી ૨૦૨૩માં રજૂ કરેલી તેની સ્ટેટસ નોટમાં જણાવ્યું હતું કે, ૧૨ માર્ચ, ૨૦૨૦ના રોજ મતદાન પેનલ પાસેથી જરૂરી માહિતી માંગવામાં આવી હતી અને ત્યારબાદ ૩ સપ્ટેમ્બર, ૨૦૨૦; ફેબ્રુઆરી ૧૯, ૨૦૨૧; ૭ ઓક્ટોબર, ૨૦૨૧; નવેમ્બર ૨૬, ૨૦૨૧ અને ૩ જૂન, ૨૦૨૨ના રોજ રીમાઈન્ડર્સ મોકલવામાં આવ્યા હતા. હજુ પણ EC તરફથી માહિતીની રાહ જોવામાં આવી રહી છે. સમિતિએ કહ્યું કે, મંત્રાલયે ખાતરીની પરિપૂર્ણતા ઝડપથી કરવી જોઈએ, ત્યારે સેક્રેટરી, લેજિસ્લેટિવ ડિપાર્ટમેન્ટે બે અઠવાડિયાનો સમય માંગ્યો હતો. સમિતિએ સમય વધારવાની વિનંતી સ્વીકારી અને ખાતરી પૂરી કરવા માટે મંત્રાલયને એક મહિનાનું વિસ્તરણ આપ્યું હતું.

# અમેરિકાએ ભારતીયો માટે 'સંપૂર્ણપણે અસ્વીકાર્ય' વિઝા માટે પ્રતીક્ષા સમયમાં સુધારો કર્યો

(એજન્સી) તા.૧

વિશ્વના મુખ્ય પર્યટન બજારોમાં પર્યટનમાં જોરદાર ઉછાળો આવ્યો છે. સ્પેને ૨૦૨૨માં તેના પૂર્વ-રોગચાળાના પ્રવાસીઓના આગમનના ૮૬% પુર્નઃ પ્રાપ્ત કર્યા છે અને આ વર્ષે આગમન પહેલાથી જ ૨૦૧૯ના સ્તરો કરતાં ૨૮% વધારો દર્શાવે છે. ફ્રાન્સમાં આંતરરાષ્ટ્રીય મુલાકાતીઓ આવી રહ્યા છે, જે કોવિડ-૧૯ રોગચાળા પહેલાની સરખામણીમાં માત્ર ૩% ઓછા છે અને તેમના ખર્ચ વિક્રમ સ્તરે છે. બીજી તરફ અમેરિકા પણ પાછળ પડી રહ્યું છે. યુ.એસ. ટ્રાવેલ એસોસિએશનના જૂન ૨૦૨૩ના માસિક અહેવાલ મુજબ, આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓનું આગમન પૂર્વ-રોગચાળાના સ્તર કરતાં ૨૬% ઓછું છે. ૨૦૨૨ના અંતે યુએસમાં આંતરરાષ્ટ્રીય મુલાકાતીઓનો ખર્ચ $99 બિલિયન હતો, જે ૨૦૧૯માં જે હતો તેના ૫૦% કરતાં પણ વધુ હતો, તે ૨૦૧૯ની તુલનામાં ઘણી મોટી વાત છે. યુએસમાં ૭૯.૪ મિલિયન મુલાકાતીઓ મળ્યા હતા, જેમણે $181 બિલિયનનો ખર્ચ કર્યો હતો. યુએસ ટ્રાવેલના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર જ્યોફ ફ્રીમેન કહે છે કે, આ અંતર ખૂબ જ નોંધપાત્ર છે અને અમે ખૂબ જ ચિંતિત છીએ. અમારો અંદાજ છે કે, આ વર્ષે જ અમે લગભગ ૨.૬ મિલિયન આંતરરાષ્ટ્રીય મુલાકાતીઓ ગુમાવીશું અને $7 બિલિયન ઓછો ખર્ચ કરીશું. યુએસ ટ્રાવેલ ઈન્ડસ્ટ્રી ૨૦૨૫ સુધી ૨૦૧૯ના સ્તરે પુર્નઃપ્રાપ્ત થવાની અપેક્ષા નથી. ફ્રીમેન કહે છે કે, અબજો ડોલરનું નુકસાન થશે અને લોકો નોકરીઓ ગુમાવશે. સ્ટેટ ડિપાર્ટમેન્ટની યુએસ વિઝા પ્રક્રિયામાં વિલંબ અવરોધની યાદીમાં ટોચ ઉપર છે. યુએસ ટ્રાવેલ અનુસાર, જુલાઈની શરૂઆતમાં પ્રથમ વખતના અરજદારો માટે વિઝા રાહ જોવાનો સમય ૪૦૦ દિવસથી વધુ રહ્યો હતો જે વિઝા માફી માટે લાયક નથી. ૨૦૧૯માં યુએસમાં પ્રવેશવા માટે વિઝાની આવશ્યકતા ધરાવતા પ્રવાસીઓ તમામ આંતરરાષ્ટ્રીય મુસાફરીના ૪૩% હતા. ફ્રીમેન કહે છે કે, અમારો રાહ જોવાનો સમય સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે અને તે પ્રવાસીઓને અહીં આવવાથી નિરાશ કરે છે. તેઓ ઉમેરે છે કે, સરકાર સમસ્યાને સ્વીકારવા તૈયાર છે અને ભારત અને બ્રાઝિલના અરજદારો માટે સુધારા કરવામાં આવ્યા છે. સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવકતાએ ઈમેલ કરેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, એજન્સી 'વિઝિટર વિઝા ઈન્ટરવ્યુના પ્રતીક્ષા સમયને વિશ્વભરમાં ઝડપથી ઘટાડી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૨૩ના પ્રથમ નવ મહિનામાં (જૂન ૨૦૨૩ સુધીમાં) વૈશ્વિક સ્તરે અમે ૧૯.૪% વધુ નોન-ઈમિગ્રન્ટ વિઝા જારી કર્યા છે. ૧ જુલાઈ સુધી વિઝિટર વિઝા માટે સરેરાશ વૈશ્વિક ઈન્ટરવ્યુ એપોઈન્ટમેન્ટ રાહ જોવાનો સમય લગભગ ત્રણ મહિનાનો હતો, જે ઓક્ટોબરમાં ૧૨૦ દિવસથી લગભગ ત્રીજા ભાગનો ઓછો છે. દરમ્યાન કેનેડા, યુકે અને EU સહિતના ગંતવ્ય હરીફો પર્યટન માટે મેક્સિકો, બ્રાઝિલ, કોલંબિયા, આર્જેન્ટિના, ઈઝરાયેલ અને વેનેઝુએલા જેવા ટોચના યુએસ બજારોમાં પોતાને વધુ સુલભ બનાવવા માટે વધુ આક્રમક બની રહ્યા છે. દાખલા તરીકે તે દેશોના નાગરિકો EUમાં વિઝા-મુક્ત મુસાફરી કરી શકે છે, જ્યારે યુકેએ કોલંબિયા અને પેરૂ માટે વિઝા આવશ્યકતાઓને રદ કરી દીધી છે. વિઝા માટે રાહ જોવાના સમય ઉપરાંત યુએસ ટ્રાવેલ ઈન્ડસ્ટ્રીની સમસ્યાઓમાં હોટલના દરોનો સમાવેશ થાય છે જે મુસાફરી ફરી શરૂ થયા બાદથી ઊંચા રહ્યા છે તેની કિંમતો આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને આવતા અટકાવી રહી છે. યુએસ ટ્રાવેલ શોના ડેટા દર્શાવે છે કે, મે ૨૦૨૩માં યુએસમાં હોટેલની માંગમાં ૨%નો ઘટાડો થયો છે. મુસાફરોને એરપોર્ટ ઉપર કસ્ટમ્સ પાર કરવામાં પણ વિલંબનો સામનો કરવો પડી રહ્યો સાથે છે અને TSA રાહ જોવાનો સમય સતત વધી રહ્યો છે. યુ.એસ. ટ્રાવેલના ફ્રીમેન કહે છે કે, અમે દર્શાવીએ છીએ કે અમે અન્ય બજારોની જેમ મુસાફરીને પ્રાથમિકતા આપતા નથી. ફરવા આવતા પ્રવાસીઓ ઉપરાંત વેપારી પ્રવાસીઓને નોકરિયાત વર્ગ દ્વારા અટકાવવામાં આવી રહ્યા છે. ટ્રેડ શો પ્રદર્શકો પુષ્ટિ કરે છે કે અહી હાજરી ૨૦% ઓછી છે, ફ્રીમેન કહે છે, આ ઘટાડો સીધો વિદેશી મુલાકાતીઓની અછતને દર્શાવે છે. જાપાન અને ચીનના પ્રવાસીઓની સંબંધિત સંખ્યા હાલમાં ૨૦૧૯ના માત્ર ૩૭%ના સ્તરે છે. ૨૦૨૩ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં સ્થાનિક પ્રવાસન અમેરિકનોમાં ૨૦૧૯ના સ્તરો કરતાં ૩%નો વધારો જોવા મળ્યો છે. લક્ઝરી બુટિક ફર્મ એમ્બાર્ક બિયોન્ડના સ્થાપક જેક એઝ્રોને તેમના બીજા-ક્વાર્ટરના ટ્રાવેલ ટ્રેન્ડ્સ રિપોર્ટમાં જણાવ્યું હતું કે, યુએસએની બહાર એવી માન્યતા છે કે, આ દેશ હવે સુરક્ષિત નથી. સ્ટેસી રિટર, વિઝિટ લોડરડેલના સીઈઓ કહે છે કે, રાજકારણના નિર્ણયો આ પ્રવાસોને અસર કરે છે. ગવર્નર રોન ડીસેન્ટિસના કાર્યાલયના પ્રેસ સેક્રેટરી જેરેમી રેડફર્ને નિવેદનમાં જણાવ્યું હતું કે, ગવર્નર ડીસેન્ટિસે મે મહિનામાં જાહેરાત કરી હતી કે, ફ્લોરિડામાં રેકોર્ડ પ્રવાસન છે અને Q1 2023માં રેકોર્ડ રીતે ઈતિહાસમાં એક જ ત્રિમાસિક ગાળા દરમ્યાન સૌથી વધુ મુલાકાતીઓ આવ્યા હતા. રેડફર્ને તાજેતરના અહેવાલ તરફ ધ્યાન દોર્યું હતું કે, ફ્લોરિડા ઉત્તર-પૂર્વ કરતાં રાષ્ટ્રીય કુલ ઘરેલુ ઉત્પાદનમાં વધુ યોગદાન આપતા છ ઝડપથી વિકસતા દક્ષિણ રાજ્યોમાંનું એક છે તે કહે છે કે, યુએસ હજુ પણ મુલાકાત લેવા માટે સૌથી વધુ ઈચ્છિત રાષ્ટ્ર છે, તેથી તમારે તમારી જાતને પૂછવું પડશે. જો લોકો આવવા માંગતા હોય, તો તેઓ શા માટે આવતા નથી ? અને મને લાગે છે કે, તેમાં રાજકારણ ઓછું છે અને તેઓને એવા અવરોધોનો સામનો કરવો પડે તેના વિશે વિચારવાની જરૂર છે.

# બી.ટી. સવાણી કિડની હોસ્પીટલ રાજકોટમાં વિશ્વ વિખ્યાત નિષ્ણાંત યુરોલોજીસ્ટોએ લાઈવ ઓપરેશન કરી ડોકટરોને તાલીમ આપી

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૧

સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારની કિડનીના રોગની રાહત દરે આધુનિક સારવાર આપતી બી.ટી.સવાણી કિડની હોસ્પિટલ, રાજકોટમાં યુરોલોજીકલ સોસાયટી ઓફ સૌરાષ્ટ અને કચ્છના ઉપક્રમે યુરોલોજીકલ સોસાયટી ઓફ ઈન્ડિયા, વેસ્ટ ઝોનના સંયુક્ત ઉપક્રમે તા.૨૯ અને ૩૦ જુલાઈ ૨૦૨૩ના રોજ બી.ટી.સવાણી કિડની હોસ્પિટલ, રાજકોટમાં પ્રોસ્ટેટને લગતા ઓપરેશન માટે વિશ્વ વિખ્યાત નિષ્ણાંત યુરોલોજીસ્ટોએ લાઈવ ઓપરેશન કરી દેશભરમાંથી આવેલ ૮૦ કરતા વધુ યુરોલોજીસ્ટ ડોકટરોને ઓપરેશનની તાલીમ આપેલ છે. આ વર્કશોપનું આયોજન કરનાર ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી ડો.અમિષ મહેતા જણાવે છે કે પ્રોસ્ટેટની સારવારમાં સતત થઈ રહેલા સંશોધનો અને ટેકનોલોજીના વિકાસથી છેલ્લા વર્ષોમાં ધરમૂળથી ફેરફાર આવેલ છે. મોટી ઉંમરે જ જરૂરી એવા આ ઓપરેશનો હૃદયની બીમારી, ડાયાબીટીસ, બ્લડપ્રેશર જેવી બીમારીના દર્દીઓ માટે જોખમી કહેવાય. પરંતુ હવેના સમયમાં આ દર્દીઓ પણ પ્રમાણમાં સ્વીકાર્ય એવા જોખમો સાથે ઓપરેશન કરવી શકે છે. આ બાબતોનું નિદર્શન તથા તાલીમ અર્થે આ લાઈવ વર્કશોપનું આયોજન કરેલ. જેથી આપણા વિસ્તારના દર્દીઓને પણ હવે તેનો લાભ લઈ શકે તે માટે હોસ્પિટલ સતત પ્રયત્નશીલ રહે છે.





આ પ્રસંગે હોસ્પીટલના મેનેજીંગ ટ્રસ્ટી જયંતીભાઈ ફળદુએ પ્રાસંગિક પ્રવચન આપેલ અને ટ્રસ્ટના આગામી વિકાસ બાબતે માહિતી આપેલ અને છેલ્લા ૨૦ વર્ષમાં હોસ્પીટલે કિડની ટ્રાન્સપ્લાન્ટ સહિતની કિડની રોગની સંપૂર્ણ સારવાર પણ પૂરી પાડવામાં આવે છે તેની માહિતી આપેલ. સંસ્થાના ચેરમેન અને ખ્યાતનામ યુરોલોજીસ્ટ ડો. વિવેક જોષીએ તેમના સંદેશામાં જણાવેલ છે કે દિન-પ્રતિદિન તબીબી સારવારમાં ઝડપથી પરિવર્તન આવી રહ્યા છે અને નવી ટેકનોલોજી સાથે સાથ મિલાવી ખુબ જ જટિલ યુરોલોજીને લગતા ઓપરેશન સહિતની અતિ આધુનિક સારવાર વિષે માહિતી આપેલ. સા સંસ્થા સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારની એકમાત્ર કિડની ટ્રાન્સપ્લાન્ટની સુવિધા ધરાવે છે. અત્યાર સુધીમાં ૧૫ કિડની ટ્રાન્સપ્લાન્ટ સફળતાપૂર્વક કરવામાં આવેલ છે તેમજ કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે લોકોમાં જનજાગૃતિ લાવવા સતત પ્રયત્નશીલ રહે છે. હોસ્પીટલમાં દર મહીને ૫૦૦ કરતા વધુ મેજર ઓપરેશનો કરવામાં આવે છે અને આધુનિક ડાયાલીસીસ સેન્ટરમાં રાહત દરે દર મહીને આશરે ૩૦૦૦ ડાયાલીસીસ કરવામાં આવે છે. હોસ્પિટલ સારવારની ગુણવત્તા માટે એન.એ.બી.એચ.ની માન્યતા પણ ધરાવે છે.

હોસ્પિટલ ફક્ત દર્દીઓની સારવાર પુરતી સીમિત નથી, પરંતુ તબીબી વિધાશાખાના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ-ગ્રેજ્યુએટ ઈન્સ્ટીટ્યુટમાં પરિવર્તન પામી છે. અહી નેશનલ બોર્ડ ઓફ એકઝામિનેશન એન મેડીકલ સાયન્સ સંલગ્ન સુપર-સ્પેશ્યાલીટી ડી.એન.બી. યુરોલોજી અને નેફ્રોલોજીના અભ્યાસક્રમો, સૌરાષ્ટ્ર યુનીવર્સીટી સંલગ્ન વિવિધ પેરામેડીકલ અભ્યાસક્રમો તેમજ ઈન્ડિયન નર્સીંગ કાઉન્સિલ માન્યતા પ્રાપ્ત જી.એન.એમ. નર્સીંગ કોર્ષ પણ ચલાવવામાં આવે છે અને તે સમગ્ર ભારતભરમાં આગવું સ્થાન ધરાવે છે.

# બેટ-દ્વારકામાં કાનો-ચતુરચંદની જોડી મોટા ખેલ પાડવા સજ્જ : ભૂમાફિયા જમીન કૌભાંડ આચરતા હોવાની ચર્ચા

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧

યાત્રાધામ બેટ-દ્વારકામાં દ્વારકાનો કાનો અને ચતુરચંદની જોડી જમીનનો મોટા ખેલ પાડવાની તૈયારીઓ પુરી કરવા ધમપછાડા કરી રહ્યા છે. દેવભૂમિ દ્વારકાનાં દ્વારકા તાલુકાનાં યાત્રાધામ બેટ-દ્વારકાનો વિકાસ ઉતરોતર ઝડપથી ગતિ કરી રહ્યો છે. જ્યારથી બેટ-દ્વારકાને જોડતો સિગ્નેચર બ્રિજ બનવાની શરૂઆત થઈ છે ત્યારથી બેટ દ્વારકામાં જમીનોના ભાવ આસમાને ગયા છે. બેટ-દ્વારકા એક ટાપુ છે, ત્યાં જંગલ ખાતું, ગૌચર, સરકારી પડતર અને ખાનગી માલિકીની જમીનો આવેલી છે. આજથી પાંચ દસ વર્ષ પહેલાં એક એકર જમીનનાં એક થી બે લાખ રૂપિયા હતા તે જમીન આજે પ્રતિ એક એકર એક થી બે કરોડમાં વેચાઈ રહી છે. આ ઉપરાંત બિનખેતી કરેલી જમીનના તો એક ફૂટના ૫૦૦ થી કરીને ૨૦૦૦ સુધી ભાવ બોલાઈ રહ્યા છે. આવા સમયે તાલુકાના અમુક ભૂમાફિયાઓ કોકની જમીન પોતાના મળતીયાઓના નામે કરીને કરોડોના કૌભાંડ કરવા માટે મેદાનમાં ઉતરી ચૂક્યા છે. બેટ-દ્વારકાની ઘણી એવી જમીનો છે જેમાં વારસાઈ, ભાઈઓ ભાગ અથવા શરતભંગ અને અન્ય વાંધા હોવાથી તે જમીનો કાયદેસર રીતે વેચી શકાતી નથી. આવી જમીન ઉપર દ્વારકાના અમુક ભૂમાફિયાઓ નજર પડતા છેલ્લા ઘણા સમયથી અમુક સરકારી બાબુઓની મદદથી કરોડોની જમીનો ખોટા દસ્તાવેજો ઊભા કરીને બિનખેતીમાં ફેરવી અને સરકારને કરોડો રૂપિયાનો ચૂનો ચોપડીને ઘણા લોકોના હકો પડાવી લેવાની વેતરણ કરી રહ્યા છે.

ખાસ કરીને બેટ દ્વારકામાં આવેલ એક કરોડોની જમીન પાછળ દ્વારકાનો કાનો અને ચતુરચંદની જોડી ખોટું વસિયતનામું ઊભું કરીને ખરેખર આ વારસદારોને અંધારામાં રાખીને સરકારી કાગળો કરવામાં કેટલાક અંશે સફળ થયા છે. હવે ટૂંક સમયમાં આ જમીન કરોડો રૂપિયામાં કોક બહારની પાર્ટીઓને પધરાવવાની ફિરાગમાં હોવાથી કાયદેસરના વારસદારો અને કબજેદારૂ આ કાના અને ચતૂરચંદની જોડીને કાયદાનું ભાન કરાવવા માટે મેદાને ઉતરવાની તૈયારીમાં છે ! આ ઉપરાંત આ જમીનમાં જે બનાવટી કાગળો બનાવવામાં આવ્યા છે તેમાં દ્વારકાની એક મોટી ઓફિસ નો બાબુ અને અન્ય શખ્સો જોડાયેલા છે. સોગંદનામું કરાવનાર પણ મલાઈ જમ્યા હોવાથી લાલપીડા થશે ! કાનાએ ખોખુ ખાધું તો ચતુરચંદ મુખ્ય ભૂમિકામાં છે. આ કિસ્સો દ્વારકા તાલુકામાં ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.


# પવિત્ર અધિક માસમાં સોમનાથ મહાદેવ સાનિધ્યે શ્રીમદ ભાગવત કથા રસપાન કરાવતા કથાકાર શરદભાઈ વ્યાસ

## બધા ર્તિથોમા મે પરિભ્રમણ કર્યું છે પણ ભગવન સોમનાથ સાનિધ્યે અનોખી અલૌકિકતા છે અને દર્શન કરતા જ હૃદય પરમશાંતિ અનુભવે છે : પૂજય શરદ વ્યાસ કથાકાર

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧

ભારત બાર જયોર્તિલીંગ પ્રથમ સોમનાથ મહાદેવ સાનિધ્યે પવિત્ર શ્રાવણ અધિક માસમાં શ્રીમદ ભાગવત કથાનું રસપાન રેલાવી રહેલા સુપ્રસિધ્ધ કથાકાર શરદ વ્યાસે પત્રકાર મિલનમાં જણાવ્યું કે, મે મારા જીવનામાં કથાને કારણે લગભગ બધા ર્તિથોમાં જવાનું થયું છે પણ અહીં ભગવાન સોમનાથ મહાદેવ સાનિધ્ય અલૌકિક જ છે અનો દર્શન કરતા જ હૃદય પરમ શાંતિ અનુભવે છ અને જીવન સાફળ થાય છે. આગળ ચાલતા તેમણે કહ્યું કથા બધાનો વૈરાગી બનાવવા માટે હોતી નાથી ત જીવનાને દિવ્ય બનાવવા માટ પણ હોય છે. અત્યાર સુધીમાં સંસ્કૃતિ, સંસ્કાર જે કંઈ બચ્યું છે તે વ્યાસ પીઠને આભારી છે. નાળીયરનો આપણે વધેરવું હોય તો ઘણી વખત પાંચથી સાત ઘા કરવા પડે છે અને છેલ્લે ઘાએ તે તુટે છે તેવી જ રીતે વારંવાર કથાનું શ્રવણ કરવાથી માણસાના હૃદયમાં પરમાત્મા પ્રત્યે પ્રેમ જાગે છે તે પ્રેમ તેના જીવનાનો સફળ બનાવે છે. સોમનાથ મહાદેવનું આપણું આ



મહાર્તિથ છે. ભગવાન શંકરને જયોતી સ્વરૂપે પ્રગટ થવા ઈચ્છા થઈ ત્યારે ભગવાન શંકરે પહેલં સ્થાન સૌરાષ્ટ્ર પસંદ કર્યું. ભગવાન શ્રીકૃષ્ણે લીલા સમાપ્તીના અંતિમ ચરણમાં સોમનાથ સાનિધ્યે આવ્યા હતા. આ સંસારમાં પ્રત્યક્ષ અન તુરત જ કોઈ ભગવાન હોય તો તે ભગવાન સોમનાથ છે. શરદભાઈ વ્યાસનો જન્મ ભૂમિ મહુવા તાલુકાના કુંભણ ગામ અનો કર્મભૂમિ વલસાડ જીલ્લાના ધરમપુર છે. દેશ-વિદેશોમાં અનોક કથાઓ કરનાર તેઓના લેખનથી હિંન્દુ સંસ્કૃતિ દર્શન, શ્રીમદ ભાગવત પ્રસાદ નામનો ગ્રંથ કૃષ્ણ માધુરી, વાંચી જુઓ વિચારી જુવો ધ જવેલ્સ ઓફ ઈનપાવર થોટસ (અંગ્રેજી) આદી પુસ્તાકો પણ તેમનો લખ્યા છે.

# જૂનાગઢમાં જગન્નાથજી મંદિર ખાતે ઈશ્રમકાર્ડનો કેમ્પ યોજાયો





જૂનાગઢ, તા.૧

જગન્નાથજી મંદિર ખાતે શ્રી સોરઠીયા વાણંદ જ્ઞાતિ દ્વારા અન્યોદય શ્રમિક સુરક્ષા યોજનાનું (૧૦ લાખનો વીમો ) તેમજ ઈશ્રમ કાર્ડનું કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ કામગીરીમાં માંગનાથ પોસ્ટ ઓફિસ, એગ્રી કેમ્પસ, ટીંબાવાડી પોસ્ટ ઓફિસનો સ્ટાફ તેમજ ડીવીજન ઓફિસમાંથી જતીનભાઈ માંકડ, આ કામગીરીમાં સહયોગ આપેલ હતો. આ તકે શ્રી સોરઠીયા વાણંદ જ્ઞાતિનાં હેર પાર્લર તેમજ બ્યુટી પાર્લર સાથે સંકળાયેલ શ્રમિક કેટેગરીમાં આવતા તમામ ભાઈઓ તેમજ બહેનોએ આ કેમ્પ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. આ તકે સોરઠીયા વાણંદ જ્ઞાતિ પ્રમુખ બિપિનભાઈ ભટ્ટી, રાજુભાઈ ચુડાસમા, વિજય ચુડાસમા, પ્રફુલ ચુડાસમા તેમજ ભાવિન પરમાર સહીતનાં ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી : તળાવમાં થતું જળ ખનન અટકાવવા માંગણી





(પ્રતિનિધિ દ્વારા)

અમરેલી, તા.૧

અમરેલી એકસમયે એકટીપાં પાણી માટે તળવળતા સૌરાષ્ટ્રના અસંખ્ય ગામડાઓમાં વરસાદી પાણી સંગ્રહની મુહિમ ચલાવી ગ્રામ્ય વિસ્તારોમાં તળાવ બંધારા ચેકડેમો નિર્માણ કરી આશીર્વાદ રૂપ કામ થયું પણ આ તળવોના ઓવરા નીચે ઉતારી તળાવ બંધારા ખાલી કરવાની નોબત કેમ ? લાઠી તાલુકાના ધામેલ હજીરાધાર સહિતના ગ્રામ્યમાં આશીર્વાદ રૂપ તળાવ નું જળ ખનન કેમ ? ધામેલ ગામે વર્ષો પહેલા નિર્માણ તળાવ બંધાયું ખૂબ વિશાળ ધામેલનું આ તળાવ ઊંડું ઉતારવું કે જળ સંગ્રહ શક્તિ વધારવાની વાત તો દૂર પણ ઓવારો નીચે ઉતારી તળાવ ખાલી થઈ જાય તેવી નોબત કેમ ? ભૂકંપ પછી કેન્દ્ર બિંદુ ફરી ગયું કે ફેલાવો વધ્યો હોય કારણ જે હોય તે પણ ખેડૂતોના ખેતરોમાં કેડ સમા વરસાદી પાણી ભરાતા હોવાથી તળાવનો ઓવારો નીચે ઉતારી દેવાથી વરસાદી પાણી ખાલી થઈ જશે પછી શું ? ખેતરોમાં વરસાદી પાણી ભરાઈ જતા હોવાથી ઓવારો નીચે ઉતારી આવતા ભવિષ્યનો કોઈ વિચાર કર્યા વગર જાતે જ ઉકેલ મેળવવા જળ ખનન કરવું કેટલું વ્યાજબી ? આ સમસ્યા અંગે અમરેલી જિલ્લા પંચાયતની નાની સિંચાઈ વિભાગે સ્થળ વિઝીટ કરી નિષ્ણાંત ઈજનેરોના અભિપ્રાયથી કુદરતી આશીર્વાદ રૂપ એકત્રિત પ્રસાદ રૂપ જળ સંગ્રહની જાળવણીના પગલા લેવા જોઈ એ એક સદી જુના નહેર સાથે શ્રીમંત સરકાર ગાયકવાડ વખતમાં રિલીફ કાર્યથી સિંચાઈ નહેરો સાથે નિર્માણ તળાવોમાં જળ ખનન અટકાવવાની જરૂર છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં મહેસાણા ખાતે શ્રી સરદાર પટેલ સેવાદળ દ્વારા આયોજીત પાટીદાર સ્નેહ મિલન સમારોહ યોજાયો

## વસુધૈવ કુટુંબકમની ભાવના સાથે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં દેશ આગળ વધી રહ્યો છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

(પ્રતિનિધિ દ્વારા)

મહેસાણા, તા.૧

મહેસાણા જિલ્લાના નૂગર ખાતે શ્રી સરદાર પટેલ સેવા દળ દ્વારા આયોજીત સ્નેહ મિલન સમારોહમાં ઉપસ્થિત મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વસુધૈવ કુટુંબકમની ભાવના સાથે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં દેશ આગળ વધી રહ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, સરદાર પટેલે ૫૬૨ રજવાડાઓ એક કરી એક ભારતનું નિર્માણ કર્યું હતું, ત્યારે પાટીદાર સમાજમાં દિર્ઘદ્રષ્ટી, બહાદારી, શોર્ય, એકતા, શક્તિ અને નેતૃત્વની ભાવના સહજપણે હોય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું કે, દરેક સમાજના વિકાસનો મુખ્ય આધાર શિક્ષણ હોય છે. ત્યારે પ્રધાનમંત્રીના નેતૃત્વમાં નવી શિક્ષણ નિતીથી દરેક વ્યવસાયનું શિક્ષણ માતૃભાષામાં મળવાનું છે, જેનો ફાયદો ગામડાના અને છેવાડના વિદ્યાર્થીને થવાનો છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે પાટીદાર સમાજ સેવા ભાવનાથી સતત આગળ વધી રહ્યો છે. દરેક સમાજને સાથે લઈને ચાલનારો આ સમાજમાં સ્વભાવમાં સહકારનો ગુણ હોય છે. તેમણે જણાવ્યું હતું કે દેશના પ્રધાનમંત્રીના નેતૃત્વમાં સેમીકોન ઈન્ડીયા થકી આજે ગુજરાતમાં માઈક્રોચીપ તૈયાર થનાર છે તેમ જણાવી રોજગારી સર્જનમાં ગુજરાત હમેશાં મોખરે રહ્યું છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે રાષ્ટ્રની









અર્થવ્યવસ્થામાં દેશના પ્રધાનમંત્રીના માર્ગદર્શનમાં દેશ પાંચમા ક્રમે છે ત્યારે નાણાંકીય વ્યવસ્થાપનમાં ગુજરાત કોરોના સમયમાં મોટુ બજેટ આપ્યા છતાં આજે મોખરે છે. તેમણે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત આગામી ૨૫ વર્ષના અમૃત કાળમાં હકારાત્મક ભાવના થકી રાષ્ટ્ર વિકાસમાં સહયોગ આપવા અપીલ કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીનું એસ.પી.જીના સભ્યો દ્વારા સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત પાટીદાર દિકરીઓ માટે હેલ્પલાઈન નંબરની જાહેરાત કરવામાંઆવી હતી. મુખ્યમંત્રી તેમજ મહાનુભાવો દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માન કરી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. મહેસાણાના નુગર ખાતે આયોજીત એસ.પી.જી લાઈફ ટાઈમ પરિવારના વિધાર્થીઓને ઈનામ વિતરણ અને તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ પ્રસંગે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ, સંસદ સભ્ય શારદાબેન પટેલ, ધારાસભ્ય મુકેશભાઈ પટેલ, કીરીટભાઈ પટેલ, બાબુભાઈ જે. પટેલ, પૂર્વગૃહમંત્રી રજનીભાઈ પટેલ, એસ.પી.જીના અધ્યક્ષ લાલજીભાઈ પટેલ, પૂર્વ સંસદ જીવાભાઈ પટેલ, ઉમિયા માતાજી સંસ્થાનના બાબુભાઈ, દિલીપભાઈ, ગગજીભાઈ, બીપીનભાઈ, જયરામભાઈ, ગણપત યુનિના ગણપતભાઈ પટેલ, એસ.કે. યુનિના પ્રકાશભાઈ પટેલ સહિત પાટીદાર આગેવાનો, એસ.પી.જીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ગીર-સોમનાથ જિલ્લામાં નારી વંદન સપ્તાહની ઉજવણીનું આયોજન

## મહિલા સુરક્ષા દિવસ, બેટી બચાવો બેટી પઢાવો, મહિલા સ્વાવલંબન, મહિલા નેતૃત્વ અને મહિલા અને બાળ આરોગ્ય દિવસ સહિતના વિવિધ કાર્યક્રમો યોજાશે

ગીર-સોમનાથ, તા.૧

રાજયની મહિલાઓ સામાજિક, આર્થિક, માનસિક અને શારીરિક રીતે સંપન્ન તથા સમાજમાં ગૌરવભેર આગળ વધે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ આયોજન હાથ ધરવામાં આવે છે, સર્વાંગી વિકાસના મહત્વના પરિબળો જેવા કે સુરક્ષા, સ્વાવલંબન, કલ્યાણ અને સ્વાસ્થ્ય સહિતના ક્ષેત્રોમાં મહિલાઓ સક્ષમ થાય તે હેતુસર મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ૧ ઓગસ્ટ થી ૭ ઓગસ્ટ-૨૦૨૩ દરમ્યાન નારી વંદન સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. જે અન્વયે ગીર-સોમનાથ જિલ્લામાં પણ નારી વંદન સપ્તાહની ઉજવણી કરવામાં આવશે જે અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાશે. જેમાં જિલ્લામાં તા-૧ ઓગસ્ટ થી ૭ ઓગસ્ટ-૨૦૨૩ દરમ્યાન મહિલા સુરક્ષા દિવસ, બેટી બચાવો બેટી પઢાવો દિવસ, મહિલા સ્વાવલંબન દિવસ, મહિલા નેતૃત્વ દિવસ, મહિલા કર્મયોગી દિવસ, મહિલા કલ્યાણ દિવસ અને મહિલા અને બાળ આરોગ્ય દિવસની ઉજવણી સંબધિત કચેરીઓ દ્વારા કરવાંમાં આવશે. નોંધનીય છે કે નારી વંદન સપ્તાહ દરમ્યાન મહિલા સુરક્ષા સંબંધી વિવિધ કાયદાઓ અને મહિલાલક્ષી યોજનાઓની માહિતી આપવામાં આવશે તેમજ કિશોરીઓ તથા સગર્ભા મહિલાના હિમોગ્લોબીન તપાસ તેમજ આરોગ્યલક્ષી જાણકારી આપવામાં આવશે અને મહિલાઓને આત્મ નિર્ભર બનાવવા માટેની સરકારના વિવિધ વિભાગોની યોજનાઓ વિશે માહિતીગાર કરવામાં આવશે એવું મહિલા અને બાળ અધિકારીની યાદીમાં જણાવ્યુંછે.

આઝાદી નો અમૃત મહોત્સવ

G20 भारत 2023 INDIA
वसुधैव कुटुम्बकम्
ONE EARTH • ONE FAMILY • ONE FUTURE



G20 પ્રતિનિધિઓનું ગુજરાતમાં સ્વાગત છે



# મહિલા સશક્તિકરણ પર મંત્રીસ્તરીય પરિષદ

## મહિલાઓની આગેવાની હેઠળના સમાવેશી વિકાસથી થઈ રહ્યું છે ઇન્ટર-જનરેશનલ ટ્રાન્સફોર્મેશન

**2 થી 4 ઑગસ્ટ, 2023**

**મહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાત**

**1 ઑગસ્ટ, 2023**

*G20 એમ્પાવર*
*ડિજિટલ ઇન્ક્લૂઝન પ્લેટફોર્મનું લૉન્ચિંગ*

**શ્રીમતી સ્મૃતિ ઝુબિન ઈરાની**
(માનનીય કેન્દ્રીય મંત્રી, મહિલા અને બાળ વિકાસ અને લઘુમતી બાબતો) ના વરદ હસ્તે

ગરિમામયી ઉપસ્થિતિ
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
તથા
**શ્રી અમિતાભ કાંત**
G20 શેરપા

## મુખ્ય કાર્યક્રમો

- મહિલા સશક્તિકરણમાં શિક્ષણની મહત્ત્વની ભૂમિકા
- મહિલા સશક્તિકરણ માટે ડિજિટલ સ્કિલિંગ
- શિક્ષણ અને STEM
- મહિલાઓ માટે કૌશલ્ય વિકાસની તકો
- વિકસતી ટેક્નૉલોજીમાં મહિલાઓની ભૂમિકા
- મહિલાઓ અને અંતરિક્ષ
- સંસ્કૃતિની શક્તિ અને મહિલા સશક્તિકરણ
- ક્લાઈમેન્ટ રિઝીલીયંસ એક્શન: મહિલાઓના સ્વાસ્થ્ય અને ખેતી પર થતી અસરો તેમજ મહિલાઓ અને કિશોરીઓની પરિવર્તનકર્તા તરીકેની ભૂમિકા
- પાયાના સ્તરે મહિલા નેતૃત્વને પ્રોત્સાહન આપવા ભાગીદારી
- મહિલાઓની ઉદ્યોગ સાહસિકતા અને ઉદ્યોગો

## પ્રતિનિધિ મંડળ દ્વારા પર્યટન સ્થળની મુલાકાત

**અમદાવાદ હેરિટેજ વૉક**
અમદાવાદના ઉત્તમ સ્થાપત્ય અને પ્રેરણાદાયી સંસ્કૃતિની વચ્ચે ભવ્યતાનો અનુભવ કરાવતી હેરીટેજ વૉક

**GIFT સિટી**
વ્યવસાયોને સમર્થન અને વિસ્તરણ માટે મહત્વપૂર્ણ ઇકોસિસ્ટમ પ્રદાન કરતા વૈશ્વિક ફાઇનાન્સ અને આઇટીના કેન્દ્ર એવી GIFT સિટીની મુલાકાત

**દાંડી કુટિર**
રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જીવન અને તેમની વિચારધારાને ઉજાગર કરતા સૉલ્ટ માઉન્ડ આકારના સંગ્રહાલયની મુલાકાત

g20gujarat g20 gujarat

# જૂનાગઢના દાણાપીઠમાં અનેક જર્જરીત બિલ્ડીંગો ઝોલા ખાતી ઉભી છે : ગમે ત્યારે અકસ્માત સર્જાવાની ભીતિ

## જાગૃત નાગરીકોએ પોતાની ભંગાર બિલ્ડીંગોના આયુષ્ય અંગે મનપાને જાણ કરી છે પરંતુ મનપાએ સમખાવા પુરતી કેટલીક નોટીસો જારી કરી છે !



જૂનાગઢ તા. ૧

જૂનાગઢ શહેરમાં ઈમારત ધરાશાયી બન્યાની દુર્ઘટના બાદ મનપા તંત્ર હરકરતમાં આવી ગયું છે અને નોટીસો ઉપર નોટીસો આપવામાં આવી રહી છે. તો કયાંક ઈમારતોને ઉતારવાની કામગીરી પણ ચાલી રહી છે. દરમ્યાન જૂનાગઢના અતિ મહત્વના સ્થળ એવા દાણાપીઠ વિસ્તાર કે જે સતત લોકોની અવર જવર, વાહનોની અવર જવરથી ધમધમી રહેલ છે.

આ વિસ્તાર એટલે જૂનાગઢ શહેર અને આસપાસના ગામોનુ હટાણાનુ મુખ્ય મથક પણ કહેવાય છે. જથ્થાબંધ માલ લાવવા લઈ જવાની કામગીરી થતી હોય છે ત્યારે દાણાપીઠમાં જયાં દુકાનો અને મકાનો આવેલા છે ત્યાં પણ મોટી સંખ્યામાં અનેક ઈમારતો ભંગાર હાલતમાં અને પડી જવાના આરે ઉભી છે. આવી ઈમારતોને સાવચેતીના ભાગરૂપે જો ઉતારી લેવામાં નહી આવે તો મોટી દુર્ઘટના થવાનો ભય સેવાઈ રહયો છે. દરમ્યાન દાણાપીઠના જ કેટલાક વેપારીઓના જણાવ્યા અનુસાર મનપાએ માત્રને માત્ર ચારથી પાંચ નોટીસ પાઠવી છે અને અનેક ઈમારતો, દુકાનો ખુબ જ ખરાબ હાલતમાં હોવા છતાં જાણે મનપા તંત્રએ લાજ કાઢી હોય તેમ આવા મકાન અને દુકાન ધરાવનારા કોઈ આસામીઓનો કોઈની શેહશરમમા આવી અને નોટીસો ફટકારી નથી. ત્યારે આવા મકાનો જો તુટી પડશે અને જો કોઈ નિર્દોષનું જાન થશે તો જવાબદારી કોની? તેવો સવાલ ઉઠવા પામ્યો છે.

## સૌરાષ્ટ્ર ભૂમિ મિડીયા ગૃપ લાવી રહ્યું છે

## ફલાય ફાસ્ટ પાર્સલ સર્વિસ : તા.પ ઓગષ્ટથી શુભારંભ : ડેઈલી સર્વિસ - એજ દિવસે ડીલીવરી




જૂનાગઢ, તા.૧

જૂનાગઢના જાણિતા અખબાર સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના મિડીયા જુથ દ્વારા આગામી તા.પ મી ઓગષ્ટ શનિવારના શુભ દિવસે લોકોની સેવામાં ફલાય ફાસ્ટ પાર્સલ સર્વિસ લોન્ચ કરવામાં આવી રહેલ છે. જેના નામમાં જ ફાસ્ટનો ઉલ્લેખ છે તેવી આ ઝડપી સેવા એટલે ફાસ્ટ પાર્સલ સર્વિસ નામની આ સેવામાં નામ મુજબના ગુણની અસરકારકતા લોકો અનુભવી શકશે. દરરોજ સવારે ૧૧:૩૦થી જૂનાગઢથી તમામ ટપાલ, કુરીયર, દવાઓ, પાર્સલ તથા અન્ય સામગ્રીને લઈને એજ દિવસે ડિલેવરી કરવા રવાના થશે. કેશોદ, વેરાવળ, કોડીનાર અને ઉના તેમજ દિવ ખાતે પહોંચાડવામાં આવશે. ફલાઈ ફાસ્ટ પાર્સલ સેવાના સંચાલક અભિજીતભાઈ કાર્તિકભાઈ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, લોકોને ઝડપી પાર્સલ સર્વિસ મળી શકે તે માટેના મુખ્ય હેતુ સાથે એક આગવું વ્યવસ્થા તંત્ર ગોઠવવામાં આવેલ છે. ખાસ કરીને દવાઓ સહિતની મહત્વની ચિજો વિના વિલંભે કસ્ટમરો સુધી પહોંચી જાય તે અમારો મુખ્ય ઉપદેશ છે અને આ માટે ખાસ વાહનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે જેમાં કુશળ ડ્રાઈવર દ્વારા ઝડપી સુવિધા તેમજ વિનમ્ર સ્ટાફ અને કસ્ટમરોના પાર્સલ સલામતી અને સુરક્ષા સાથે જેને વ્યકિતને પહોંચી જાય તે માટેની કાળજી પૂર્વકની પીરેપુરી જવાબદારી પણ રાખવામાં આવશે. જૂનાગઢ ખાતે શરૂ થઈ રહેલી ફલાય ફાસ્ટ પાર્સલ સર્વિસનો લોકોને લાભ લેવા અનુરોધ કરવામાં આવેલ છે અને આ સાથે જ ઝડપી લોકોને સુવિધા પ્રાપ્ત થાય તે માટેનો મકકમ નિર્ધાર પણ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના તંત્ર તેમજ ફલાય ફાસ્ટ પાર્સલ સર્વિસના સંચાલક અભિજીત ઉપાધ્યાયે વ્યકત કર્યો હતો.




# જૂનાગઢમાં અનુસુચિત સમાજના લોકોએ ન્યાયની માંગ સાથે રેલી યોજી કલેકટરને આવેદન પાઠવ્યું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

ગત તા.૨૪/૭ના રોજ જૂનાગઢના વોર્ડ નં ૧૦ કડીયાવાડમાં મકાન ધરાશાયી થયું હતું. જેમાં ચાર નિર્દોષ લોકોના મૃત્યુ થયા હતા. જેમા અનુ.જાતિ સમાજના એક જ પરિવારના ત્રણ લોકોના મોત થયા હતા. આ સમગ્ર ઘટનાએ જૂનાગઢને હચમચાવી દીધું હતું. ત્યારે એક જ પરિવારના ત્રણ સભ્યોના મૃત્યુથી પરિવાર ઉપર આભ ફાટ્યું હતું અને પતિ અને પુત્રના મૃત્યુ બાદ આઘાતમાં પત્નીએ પણ એસિડ પી પોતાનું જીવન ટૂંકાવ્યું હતું. આ ઘટનાને લઈ સમગ્ર અનુસુચિત જાતિ સમાજમાં રોષની લાગણી ભભૂકી ઊઠી છે. આજે કાળવા ચોક ખાતે અનુસૂચિત જાતિ સમાજના લોકો દ્વારા એક જ પરિવારના ચાર સભ્યોને શ્રદ્ધાંજલિ આપવામાં આવીહતી અને કાળવા ચોકથી કલેક્ટર ઓફિસ સુધી રેલી કાઢી કલેક્ટરને જવાબદાર અધિકારીઓ સામે પગલાં ભરવા આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ બનાવમાં જૂનાગઢ મહાનગરપાલીકા દ્વારા આ બીલ્ડીંગના માલીકને બી.પી.એમ.સી. એકટની કલમ-૨૬૪ મુજબ નોટિસ આપી હતી, જે બાબત સાબીત કરે છે કે, કોર્પોરેશન જાણતું હતું કે, આ બીલ્ડીંગ જર્જરીત છે અને ગમે ત્યારે તુટી પડે તેમ છે. તેમાં જાનહાની થવાની પુરતી શકયતાઓ રહેલી છે. આજે અનુસુચિત જાતિ સમાજના લોકોએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું જેમાં જણાવ્યુંહતું કે, કોર્પોરેશન દ્વારા આ બિલ્ડિંગને ૨૯/૫/૨૩૨૩ના રોજ નોટિસ આપવામાં આવી હતી. માત્ર નોટિસ આપીને જ કોર્પોરેશન દ્વારા સંતોષ માની લીધો હતો. ત્યારબાદ બે મહીના જેવો સમય આ બીલ્ડીંગ જળહળી રહ્યું હતું તેમ છતાં કોર્પો. દ્વારા કોઈ કાર્યવાહી કરેલ ન હતી. બી.પી.એમ.સી.એકટ ની કલમ-૪૭૮(૧)(૨) ની જોગવાઈ પ્રમાણે જયારે બીલ્ડીંગ ધારક આવા કાટમાળ હટાવવાની કાર્યવાહી ન કરે ત્યારે કમીશ્નર દ્વારા તેની વિશેષ સત્તાનો ઉપયોગ કરી માલીકના ખર્ચે આ બીલ્ડીંગનો કાટમાળ હટાવી શકતા હતા, પરંતુ કોર્પો. દ્વારા મૃત્યુજન્ય બેદરકારી દાખવી આ બીલ્ડીંગ હટાવવા કોઈ જ કાર્યવાહી કરવામાં આવેલ ન હતી. પરીણામે આ બીલ્ડીંગ તૂટી પડ્યુ હતું. જેમાં નિર્દોષ ચાર લોકોએ પોતનો જીવ ગમાવ્યો હતો. આ ઉપરાંત જૂનાગઢ કોર્પો.ના તા.૧૯-૬-૨૦૧૨ના જનરલ બોર્ડના ઠરાવ નં.૨૯થી કોર્પો. બોડીએ ઠરાવ કરી આવા બાંધકામો તથા ગેરકાયદેસર બાંધકામો દુર ન થતા થનાર જાનહાની અને ઉભી થનાર પરિસ્થિતિ માટે કમીશ્નર અંગત રીતે જવાબદાર રહેશે તેવું ઠરાવવામાં આવેલ છે. આ ઘટનામાં મૃત્યુ પામેલા પરિવારના સભ્ય વિજયભાઈ ડાભીએ જણાવ્યું હતું કે, બિલ્ડીંગ ધરાસાઈ થતા અમારા પરિવારના એક સાથે ત્રણ સભ્યો મૃત્યુ પામ્યા હતા અને આ બિલ્ડિંગમાં જે મારો ભત્રીજો મૃત્યુ પામ્યો હતો તેની પત્નીએ પણ એસિડથી આપઘાત કર્યો હતો. ત્યારે અમારા પરિવારના ઘરમાં તાળું લાગી ગયું છે. જયારે

## કડીયાવડનું બિલ્ડીંગ ધરાશાયી કાંડમાં જવાબદાર અધિકારીઓ સામે સીઆરપીસી ૧૫૬ મુજબ ગુનો નોંધવા માંગણી - ત્રણ દિવસનું અલ્ટીમેટમ

કાટમાળ નીચે દબાઈ જનાર પરિવારને હોસ્પિટલે લઈ જવામાં આવ્યો હતો. ત્યારે અમારા દ્વારા તેના મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો. જોકે, અધિકારીઓ અને પદ અધિકારીઓએ હોસ્પિટલ આવી અમારા પરિવારને સાંત્વના આપી જણાવ્યુંહતુ કે, જવાબદાર અધિકારીઓ પર ફરિયાદ દાખલ કરવામાં આવશે જેથી અમારા પરિવાર દ્વારા મૃતદેહ સ્વીકારવામાં આવ્યો હતો. આટલા દિવસો વિતવા છતાં પણ જવાબદાર અધિકારીઓ પર કોઈપણ ફરિયાદ દાખલ કરવામાં આવી નથી અને જે આરોપી છે તેને ફરિયાદી બનાવી આ બિલ્ડિંગના માલિકો પર ફરિયાદ કરવામાં આવી છે. ત્યારે કોઈપણ નગરપાલિકા કે મહાનગરપાલિકામાં ખાડો હોય ખરાબ રોડ રસ્તા હોય કે બીજી કોઈ પણ ઘટનામાં વ્યક્તિને નુકસાન થાય ત્યારે તેની જવાબદારી નગરપાલિકા કે મહાનગરપાલિકાની હોય છે ત્યારે આ ઘટનામાં માત્ર નોટિસ આપી સંતોષ માનવામાં આવ્યો હતો ત્યારે જવાબદાર અધિકારીઓ સામે ફરિયાદ દાખલ કરવામાં આવી તેવી માંગ કરવામાં આવે છે. આ બિલ્ડિંગ ધરાસાયીના બનાવમાં અનુ.જાતિના સંજયભાઈ ડાભી, ઉ.વ.૩૫, તેમનો પુત્ર તરૂણ ઉ.વ.૧૩, બીજો પુત્ર દક્ષ ઉ.વ.૬ ના અવસાન થયેલ છે. તેઓના મૃત્યુ પછી તેઓના પરિવારની માગણી હતી કે, કોર્પોરેશનના કમીશ્નર તથા જવાબદારો સામે કલમ-૩૦૪ મજબ ગુન્હો દાખલ કરવામાં આવે. આ ચાર લોકોની જીંદગી હોમાય હતી. મરણ જનાર સંજયભાઈ ડાભીના પત્ની મયુરીબેને પણ એસીડ પી લઈ પોતાનું જીવન ટૂંકાવ્યું હતું. ત્યારે મયુરીબેનના મોતનું પણ જવાબદાર મનપાના અધિકારીઓ છે. આ આવેદનપત્રથી સમસ્ત અનુ.જાતિ સમાજની માંગણી છે. જૂનાગઢ મહાનગરપાલીકાના કમીશ્નર તથા ટાઉનપ્લાનીંગ ઓફીસર અને વોર્ડ નં.૧૦ ના સુપરવાઈઝર અને આ મીલ્કતના માલીકો વિરૂધ્ધ આઈ.પી.સી.ની કલમ-૩૦૬, ૩૦૪,૧૧૪ અને અનુ.જાતિ, જનજાતી અત્યાચાર નિવારણ ધારાની કલમ-૩-૨-૫ મુજબ દિન-૩ માં ગુનો દાખલ કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. જો તંત્ર દ્વારા દિન-૩ માં આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો સમસ્ત અનુ.જાતિ સમાજ જૂનાગઢ જિલ્લા દ્વારા જિલ્લાના નવે નવ તાલુકાઓમાં અને જિલ્લા મથકે ચકકાજામ, ધરણા,ઉપવાસ આંદોલન તથા આ ઘટનાના વિરોધમાં આત્મદાહ સુધીનું પગલું ભરવા મજબુર બનશું તેવી ચીમકી પણ અંતમાં ઉચ્ચારી હતી.

# જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ ચાર્જ સંભાળ્યો

## જીલ્લાના અધિકારીઓ સાથે આજે ખાસ બેઠક




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

તાજેતરમાં જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટીની ગાંધીનગર ખાતે બદલી થઈ છે અને તેમની જગ્યાએ જૂનાગઢ જીલ્લા પોલીસ વડા તરીકે હર્ષદ મહેતાની નિમણુંક થઈ છે. ત્યારે ગઈ કાલે જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ પોતાના હોદાનો ચાર્જ સંભાળી લીધો છે. ગઈકાલે જૂનાગઢ ખાતે આવેલા જીલ્લા પોલીસ વડાએ સૌપ્રથમ ભવનાથ મહાદેવ મંદિરે દર્શન અને પૂજન વિધી બાદ ચાર્જ સંભાળી લીધો હતો અને આજે જૂનાગઢ જીલ્લાના પોલીસ વિભાગના અધિકારીઓની એક બેઠક બોલાવવામાં આવી છે અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતી અંગે તેઓ દ્વારા મહત્વના સુચનો કરવામાં આવશે તેમ મનાઈ છે.

# શ્રી સ્વામીનારાયણ મુખ્ય મંદિર ખાતે આજે પૂનમ નિમિતે ભાવિકો દર્શનાર્થે ઉમટી પડયા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢના જવાહર રોડ ઉપર આવેલા સ્વામીનારાયણ મુખ્ય મંદિર ખાતે આજે પૂનમના પર્વપ્રસંગે હરીભકતો, ભાવિકો મોટી સંખ્યામાં સવારથી જ દર્શને પહોંચી ગયા હતા. ભગવાન સ્વામીનારાયણના સ્વહસ્તે પધરાવેલા સિધ્ધેશ્વર મહાદેવ સહિતના દેવો જયાં ભાવિકોની મનોકામના પુર્ણ કરે છે ત્યારે શ્રી સ્વામીનારાયણ મુખ્ય મંદિર ખાતે ચેરમેન પૂજય દેવનંદન સ્વામી, કોઠારી શાસ્ત્રી પૂજય પ્રેમસ્વરૂપદાસજી (નવાગઢ) તેમજ પૂજય પી.પી. સ્વામીના માર્ગદર્શન હેઠળ અધિક પુરૂષોતમ માસ દરમ્યાન વિવિધ ધાર્મિક કાર્યો યોજવામાં આવી રહ્યા છે.

## વિસાવદર તાલુકાના મોટાકોટડા ગામે જુગાર દરોડો : સાત ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧

વિસાવદર તાલુકાના મોટાકોટડા ગામે પોલીસે જુગાર અંગે દરોડો પાડી જુગાર રમતા કુલ સાત શખ્સોને રોકડ મુદામાલ સહિત કુલ રૂા.૧,૧૫,૭૦૦ના મુદામાલ સાથે ઝડપી લીધેલ છે.

## જૂનાગઢમાં વધુ ૪૯ જર્જરિત બિલ્ડીંગોને નોટિસ અપાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢના કડીયાવાડ નજીક એક જર્જરિત બિલ્ડીંગ તુટી પડવાના બનાવમાં ચાર વ્યકિતઓના મૃત્યું થયા હતા અને એક પરિવારનો આખો માળો વિખાય ગયો હતો. આ કરૂણ બનાવને પગલે જૂનાગઢ અને ગુજરાતમાં પણ ઘેરા પ્રત્યાઘાતો પડયા હતા. જવાબદારો સામે પગલા ભરવાની માંગણી સાથે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જર્જરિત મકાનોને ઉતારી લેવાની અને જે તે આસામીઓને નોટિસ ફાળવવાની કામગીરી મનપા દ્વારા કરવામાં આવી રહી છે. આ દરમ્યાન ગઈકાલે ૩૧ જુલાઈએ વધુ ૪૯ને નોટિસ અપાઈ છે અને સાત જર્જરિત મકાનો ઉતારી લેવામાં આવેલ છે. અત્યાર સુધીમાં મનપા દ્વારા ૪૪૫ બિલ્ડીંગોને નોટિસ અપાઈ છે.

## જૂનાગઢ તાલુકાના ખડીયા ગામે હોર્ન વગાડવા બાબતે હુમલો : ત્રણ સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢ તાલુકાના ખડીયા ગામે રહેતા શીવાભાઈ સોમાભાઈ આહીરએ અલ્તાફભાઈ, તોહીન, ભીખાભાઈ વિરૂધ્ધ એવમ મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદી તથા આ કામના આરોપી અલ્તાફભાઈ વચ્ચે રોડ ઉપર હોર્ન વગાડવા બાબતે બોલાચાલી થતા જે વાતનું મનદુઃખ રાખી આ કામના આરોપી તથા તેમના ભાઈ તોહીત બંને છરી લઈ ફરિયાદીની દુકાને આવી અને ફરિયાદીની દુકાનમાં તોડફોડ કરી તેમજ આરોપી નં-૨ તોહીન પાસે છરી હોય જે ફરિયાદીના ભાઈને કાનના ભાગે છરીની અણી મારી દેતા લોહી નીકળવા લાગેલ ત્યારબાદ થોડીવાર પછી આ કામના આરોપીઓ અલ્તાફ, તોહીન તેમના પિતા ભીખભાઈ એમ ત્રણેય તલવાર અને પાવડો લઈ ફરિયાદીની દુકાને આવી અલ્તાફભાઈએ તલવારની મુઠનો એક ઘા ફરિયાદીના જમણા પગમાં ગોઠણમાં તથા જમણા હાથના પહોંચા ઉપર મારી ફરિયાદ નોંધાવી છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેકટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, પંચહાટડી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બાસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨